# સુબોધ સંગ્રહ

[શ્રીમદ્ રાજચંદ્રકૃત કિશોરકાળનાં કાવ્યો]

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

# સુબોધ-સંગ્રહ

[શ્રીમદ્ રાજચંદ્રકૃત કિશોરકાળનાં કાવ્યો]

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

**પ્રકાશક :**
મનુભાઈ ભ. મોદી
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ-૩૮૮ ૧૩૦ (ગુજ.)

**તૃતીયાવૃત્તિ**
પ્રત : ૧૫૦૦
વિ. સં. ૨૦૫૩
ઈસ્વી સન ૧૯૯૭

Cost Price Rs.10-50
Sale Price Rs. 3/-

**ટાઈપ સેટિંગ :**
લેસર ધ ટાઈપ સેટર
સ્ટેશન રોડ, આણંદ

**મુદ્રક :**
ભગવતી ઓફસેટ
બંસીધર મિલ કંપાઉન્ડ,
બારડોલપુરા, અમદાવાદ

# પ્રસ્તાવના

(પ્રથમાવૃત્તિ)

**'गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ।**

– भवभूतिः

"પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય" એવી કહેવત છે, તે પ્રમાણે શ્રીમદ્ રાજચંદ્રની પ્રતિભા બહુ નાની વયમાં જ ઝળકી ઊઠી હતી. એમ કહેવાય છે કે એક મુસ્લિમ સંતે (ફકીરે) તેમના પિતાશ્રીને જણાવેલું કે તમને એક પ્રતાપશાળી પુત્ર પ્રાપ્ત થશે. સાત વર્ષે તો તેમને એક મડદું બળતું જોતાં જાતિસ્મરણ ઊપજ્યું હતું. આઠ વર્ષે તેમણે કવિતા લખેલી તે મોટી ઉમ્મરે તપાસતાં સમાપ હતી એમ તેઓશ્રીએ પોતે લખ્યું છે. રામ ઇત્યાદિનાં ચરિત્રો ઉપર તેમણે કવિતાઓ રચી છે એમ 'સમુચ્ચય વયચર્યા' માં પોતે લખ્યું છે. પરંતુ તે વખતનાં લખાણોમાંથી થોડું જ સચવાઈ રહ્યું છે. દશબાર વર્ષથી તે માસિકોમાં લેખો મોકલતા, તથા અવધાન કરતા તે વિષે પણ કોઈ કોઈ પત્રોમાં છપાતું. તે તે માસિકો આદિમાંથી જે સંગ્રહ થઈ શક્યો તે આ 'સુબોધ સંગ્રહ'માં છપાવ્યો છે. છેવટનાં ત્રણ પાન ગદ્યનાં મળી આવ્યાં છે તે પણ આ સંગ્રહમાં જ લઈ લીધાં છે.

'શ્રીનીતિબોધક' પુસ્તક તેઓશ્રીની હયાતીમાં જ છપાઈ ગયું હતું તેથી તેની પ્રસ્તાવના સહિત આમાં છાપ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,<br>સ્ટે. અગાસ, વાયા આણંદ<br>સં ૨૦૦૮, કા. સુ. ૧૫, મંગળ<br>તા. ૧૩-૧૧-૫૧

**લિ. બ્રહ્મચારી ગોવર્ધનદાસ**

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અવધાનમાં માગણીથી રચેલ શીઘ્ર કાવ્યો : ..... | |
| | ધર્મ ..... ..... ..... ..... | ૧ |
| | ગુચ્છો ..... ..... ..... ..... | ૨ |
| | આકાશ-પુષ્પ થકી વંધ્યસુતા વધાવી (પાદપૂર્તિ) | ૨ |
| | કાંકરો ..... ..... ..... ..... | ૩ |
| | રંગની પિચકારી ..... ..... ..... | ૩ |
| | કર્મની ગતિ ..... ..... ..... ..... | ૩ |
| | મુનિને પ્રણામ | ૩ |
| | રાત્રિ ખરા બપોર (પાદપૂર્તિ) | ૪ |
| ૨. | **સ્ત્રીનીતિબોધક (વિભાગ ૧ લો)** | ૫ |
| | પ્રસ્તાવના ..... ..... ..... .... | ૭ |
| | **ભાગ ૧ લો** | |
| | ગરબી ૧લી પરમેશ્વરપ્રાર્થના ..... .... | ૯ |
| | " ૨જી પરમેશ્વરને ભજવા વિષે .... | ૧૦ |
| | " ૩જી પરમેશ્વરની લીલા વિષે .... | ૧૧ |
| | " ૪થી ક્ષણભંગુર દેહ વિષે .... | ૧૨ |
| | " ૫મી શાણી માતાએ પુત્રીને દીધેલી શિખામણ | ૧૪ |
| | " ૬ઠ્ઠી વખત નકામો નહીં ગાળવા વિષે | ૧૫ |
| | " ૭મી ઉદ્યમ શું ન કરી શકે? .... | ૧૭ |
| | "૮મી ઉદ્યમથી થયેલાં કામો વિષે .... | ૧૮ |
| | **ભાગ ૨ જો વિદ્યા અને કેળવણી સંબંધી** | |
| | " ૯મી વિદ્યા વિષે ..... ..... .... | ૧૯ |
| | " ૧૦મી કેળવણીના ફાયદા ..... .... | ૨૦ |

'' ૧૧મી કેળવણી વિષે ..... .... ૨૨
'' ૧૨મી અભણ સ્ત્રીને ધિક્કાર ..... .... ૨૩
'' ૧૩મી સુગ્રંથ વાંચવા વિષે ..... .... ૨૪
'' ૧૪મી જ્ઞાન વધારવા વિષે ..... .... ૨૬
'' ૧૫મી સારી શીખ સુણવા વિષે ..... .... ૨૭

**ભાગ ૩ જો**

ગરબી ૧૬મી સુધરવા વિષે ..... .... ૨૯
'' ૧૭મી સદ્‌ગુણ સજવા વિષે ..... .... ૩૦
'' ૧૮મી સુનીતિ વધારવા વિષે ..... .... ૩૨
'' ૧૯મી સત્ય વિષે : ગરબી ૧લી ..... .... ૩૪
'' ૨૦મી '' '' '' ૨જી ..... .... ૩૪
'' ૨૧મી '' '' '' ૩જી ..... .... ૩૫
'' ૨૨મી પરપુરુષત્યાગ વિષે ..... .... ૩૭
'' ૨૩મી વ્યભિચારના દોષ વિષે ..... .... ૩૮

**ભાગ ૪ થો**

ગરબી ૨૪ મી સદ્‌ગુણી સજ્જની વિષે..... .... ૪૦
ગરબી ૨૫ મી સદ્‌બોધશતક ..... .... ૪૩
૩. હનુમાનસ્તુતિ ..... ..... ..... ૫૩
૪. અવધાન ..... ..... ..... ૫૪
કવિતાને હિમ્મત ..... ..... ..... ૫૪
ચાર મદ ..... ..... ..... ૫૪
દોલત ..... ..... ..... ૫૫
તૃષ્ણા ..... ..... ..... ૫૫
મોટાઈ ..... ..... ..... ૫૫
કોરો કાગળ ..... ..... ..... ૫૫
નિંદક ..... ..... ..... ૫૬

| | | |
|---|---|---|
| | ત્રણ દરવાજા ..... ..... ..... | ૫૬ |
| | તંબુ ..... ..... ..... | ૫૬ |
| ૫. | દાર્ષ્ટાંતિક દોહરા ..... ..... ..... | ૫૭ |
| ૬. | સ્વદેશીઓને વિનંતિ ..... ..... ..... | ૫૯ |
| ૭. | શ્રીમંત જનોને શિખામણ ..... ..... ..... | ૬૦ |
| ૮. | હુન્નર-કળા વધારવા વિષે ..... ..... ..... | ૬૧ |
| ૯. | અવધાન......... | |
| | સાગરને ફીણ કેમ વળે છે ?..... ..... ..... | ૬૩ |
| | ચોપાટ ..... ..... ..... | ૬૩ |
| | સમસ્યાપૂર્તિ ..... ..... ..... | ૬૩ |
| ૧૦. | અવધાન....... | |
| | તમાકુની ડાબલી (શૃંગાર)..... ..... ..... | ૬૪ |
| | ઈશ્વરલીલા ..... ..... ..... | ૬૪ |
| | વિદ્યા ..... ..... ..... | ૬૫ |
| ૧૧. | અવધાન........ | |
| | શાલ ..... ..... ..... | ૬૬ |
| | ઘડિયાળના ડંકા ..... ..... ..... | ૬૬ |
| | દીવાનખાનું ..... ..... ..... | ૬૬ |
| | લવિંગ ..... ..... ..... | ૬૭ |
| | ઈંટ ..... ..... ..... | ૬૭ |
| | નળિયું ..... ..... ..... | ૬૭ |
| | પાણી ..... ..... ..... | ૬૭ |
| | કલમ ..... ..... ..... | ૬૮ |
| | છબી-હોકાની તુલના ..... ..... ..... | ૬૮ |
| | પવનની રીતિ ..... ..... ..... | ૬૮ |
| | આગગાડી ..... ..... ..... | ૬૯ |

| | | | | |
|---|---|---|---|---|
| સમસ્યાપૂર્તિ | ..... | ..... | ..... | ૬૯ |
| દરિયો | ..... | ..... | ..... | ૬૯ |
| કમળ | ..... | ..... | ..... | ૭૦ |
| ૧૨. પ્રેમની કળા ન્યારી છે | ..... | ..... | ..... | ૭૦ |
| ૧૩. ખરો શ્રીમંત કોણ ? | ..... | ..... | ..... | ૭૨ |
| ૧૪. ધોળે દહાડે ધાડ | ..... | ..... | ..... | ૭૪ |
| ૧૫. અવધાન | | | | |
| સમસ્યાપૂર્તિ | ..... | ..... | ..... | ૭૬ |
| કજોડાં | ..... | ..... | ..... | ૭૬ |
| અંતર્લાપિકા | ..... | ..... | .... | ૭૬ |
| અંતર્લાપિકા | ..... | ..... | ..... | ૭૭ |
| ૧૬. વીરસ્મરણ | ..... | ..... | ..... | ૭૭ |
| ૧૭. મિત્રપરીક્ષા | ..... | ..... | ..... | ૮૧ |
| ૧૮. કુમિત્રનિંદા | ..... | ..... | ..... | ૮૧ |
| ૧૯. પ્રાસ્તાવિક-દોહરા | ..... | ..... | ..... | ૮૨ |
| ૨૦. આર્ય પ્રજાની પડતી | ..... | ..... | ..... | ૮૪ |
| ૨૧. આર્યભૂમિના પુત્ર | ..... | ..... | ..... | ૯૧ |
| ૨૨. સદ્બોધસૂચક પ્રાસ્તાવિક કાવ્ય | | ..... | ..... | ૯૬ |
| ૨૩. રાજાઓને (ગદ્ય) | ..... | ..... | ..... | ૧૦૨ |

## 'સુબોધ-સંગ્રહ' પ્રકાશનમાં મળેલ દાનની યાદી

| નામ | ગામ | રકમ |
|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર જૈન ચેરિટેબલ ટ્રસ્ટ | ન્યુદિલ્હી | ૨૫૦૧ |
| શ્રી લક્ષ્મીબેન નાથુભાઈ પટેલ | સૂરત | ૧૫૦૦ |
| શ્રી પુખરાજજી મહેતા | હુબલી | ૧૦૦૧ |
| સ્વ. નવિનચંદ્ર નારણદાસ ચૌહાણ હા. હંસાબેન | લંડન | ૧૦૦૧ |
| શ્રી સુખીદેવી પુખરાજજી મહેતા | હુબલી | ૧૦૦૦ |
| શ્રી વડેરા ચેરિટેબલ ટ્રસ્ટ (આસુલાલજી) હા. મોહનલાલ જૈન | જોધપુર | ૧૦૦૦ |
| શ્રી ભગુભાઈ નારણભાઈ પટેલ | પૂણા કુંભારીઆ | ૫૦૧ |
| શ્રી દર્શનાબેન દીપેશભાઈ શાહ | આશ્રમ | ૫૦૧ |
| શ્રી ઝવેરબેન ટોકરશીભાઈ શાહ | આશ્રમ | ૫૦૧ |
| શ્રી વર્ષાબેન વિનોદભાઈ શાહ | બોરીવલી | ૫૦૧ |
| સ્વ. પોપટલાલ નાથાલાલ શાહ | પાલનપુર | ૫૦૧ |
| શ્રી પુખરાજજી ફોજમલજી જૈન | હુબલી | ૫૦૦ |
| શ્રી નારણભાઈ હાથીભાઈ પટેલ | આણંદ | ૫૦૦ |
| શ્રી ચીમનભાઈ મોતીભાઈ પટેલ | આણંદ | ૫૦૦ |
| શ્રી નિમેશચંદ્ર શાહ | મદ્રાસ | ૫૦૦ |

ॐ

# સુબોધ સંગ્રહ

(શ્રીમદ્ રાજચંદ્રકૃત કિશોરકાળનાં કાવ્યો)

## [1]અવધાનમાં માગણીથી રચેલ શીઘ્ર કાવ્યો

### ધર્મ—

(કવિત)

ધર્મ વિના ધન ધામ, ધાન્ય ધૂળધાણી ધારો,
ધર્મ વિના ધરણીમાં, ધિક્કતા ધરાય છે;
ધર્મ વિના ધીમંતની ધારણાઓ ધોખો ધરે,
ધર્મ વિના ધાર્યું ધૈર્ય, ધૂમ્ર થૈ ધમાય છે;
ધર્મ વિના ધરાધર, ધુતાશે, ન ધામધૂમે,
ધર્મ વિના ધ્યાની ધ્યાન, ઢોંગ ઢંગે ધાય છે;

---

૧ શ્રીમદ્‌ની સોળ અને સત્તર વર્ષની મધ્યમાં અવધાન અવસ્થાનો પ્રારંભ થાય છે. પ્રથમ અષ્ટાવધાન, પછી બાર, સોળ, બાવન અને છેવટે શતાવધાન પર્યંત સ્થિતિ કરી, ઓગણીસમા વર્ષે એ નિમિત્તનો લોકપ્રસંગ નિવૃત્ત કર્યો હતો. અવધાન સમયે માગણીથી રચેલાં શીઘ્રકાવ્યોમાંનાં કેટલાંક અહીં આપીએ છીએ. 'ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે' એ શ્રીમદ્‌ના કથનની સિદ્ધિ આ કાવ્યોના પ્રસંગથી જણાય છે. અવધાનની અન્ય ક્રિયાઓ પ્રત્યે દૃષ્ટિ રાખી પરસ્પર વિરુદ્ધ પ્રસંગોની અવિરુદ્ધ સંબંધદર્શક પાદપૂર્તિ કરતાં કે **'કાંકરો'** **'પિચકારી'** જેવા નિર્જીવ વિષયો પર શીઘ્ર કાવ્યરચના કરતાં પણ વૃત્તિલક્ષ્ય **'ધર્મ અને વૈરાગ્ય'** પ્રતિ સ્થિર થયેલ કાવ્યયોજના દર્શાવે છે.

ધારો ધારો ધવળ, સુધર્મની ધુરંધરતા,
ધન્ય! ધન્ય ! ધામે ધામે, ધર્મથી ધરાય છે. ૧

ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં,
ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું;
ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,
ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું;
ધર્મ વિના ધ્યાન નહીં, ધર્મ વિના જ્ઞાન નહીં,
ધર્મ વિના ભાન નહીં, જીવ્યું કોના કામનું ?
ધર્મ વિના તાન નહીં, ધર્મ વિના સાન નહીં,
ધર્મ વિના ગાન નહીં, વચન તમામનું. ૨

### ગુચ્છો—

(શાર્દૂલવિક્રીડિત)

ગુચ્છાના ગુણ આ તમામ વદતા, રક્ષા કરે જંતુની,
રાખે જાલવણી કરી શરીરની, આવ્યા કને અંતુની;
રે ! રક્ષા કરવી ઘટે શરણની, એવું સદા સૂચવે,
જો ઇચ્છો તરવા ભવીજન, ધરો તો તો ગુચ્છો જે કવે.

### "આકાશ-પુષ્પ થકી વંધ્યસુતા વધાવી"—

(વસંતતિલકા)

સંસારમાં મન અરે ક્યમ મોહ પામે ?
વૈરાગ્યમાં ઝટ પડ્યે ગતિ એ જ જામે;
માયા અહો ગણી લહે દિલ આપ આવી,
"આકાશ-પુષ્પ થકી વંધ્યસુતા વધાવી."

## કાંકરો—

(દોહરો)

એમ સૂચવે કાંકરો, મનદૃગ ખોલી દેખ;
મનખા કેરા મુજ સમા, વિના ધર્મથી લેખ.

## રંગની પિચકારી—

(શિખરિણી)

બનાવી છે કેવી, સુઘડ પિચકારી સૂૅચવતી,
બધી જૂઠી માયા, મનન કર એવું મન વતી;
નથી સાચી મારી, ચટક સહુ શિક્ષા કથનમાં,
ઉરે ધારી જોજો, વિનયઅરજી આ મથનમાં.

## કર્મની ગતિ—

(નારાચ)

વડોદરે વસેલ આ, સયાજીરાવ સાંભરે,
અધિપતિ નસીબની, ગતિ વતી થયો ખરે!
ધણી છતાં મલ્હારરાવ, કેદમાં ગયા અરે!
ગતિ વિચિત્ર કર્મની, તું હર્ષ શોક શું ધરે?

## મુનિને પ્રણામ—

(મનહર)

શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખબાની પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો;

રાગદ્વેષસે રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસે ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાયચંદ્ર ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.

(શાર્દૂલવિક્રીડિત)

માયા માન મનોજ મોહ મમતા, મિથ્યાત મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી, ધારેલ ધૈર્યે ધૂંની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંડના,
નીતિ રાય દયા-ક્ષમાધર મુનિ, કોટી કરું વંદના.

## "રાત્રી ખરા બપોર"

(દોહરો)

કચ્છ નૃપતિ વિવાહ રચ્યો, ગઈ તિમિરતા ઘોર;
અજવાળું એવું કર્યું, "રાત્રી ખરા બપોર."

# સ્ત્રીનીતિ બોધક[1]

## (ગરબાવલી)

## વિભાગ ૧લો

(ભુજંગી છંદ)

થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,
ભણાવી ગણાવી વનિતા સુધારો,
થતી આર્ય ભૂમિ વિષે જેહ હાનિ,
કરો દૂર તેને તમે હિત માની.

---

૧ આ ગ્રંથ સં. ૧૯૪૦માં અમદાવાદના આર્યોદય પ્રેસમાં છપાયો છે.

(મનહર છંદ)

કુધારે કરેલો બહુ, હુમલો હિમ્મત ધરી,
વધારે વધારે જોર, દરશાવિયું ખરે,
સુધારાની સામી જેણે, કમર કસી છે હસી,
નિત્ય નિત્ય કુસંપ જે, લાવવા ધ્યાને ધરે;
તેને કાઢવાને તમે, નાર-કેળવણી આપો,
કુચાલો નઠારા કાઢો, બીજા જે બહુ નડે,
રાયચંદ પ્રેમે કહે, સ્વદેશી સુજાણ જનો,
દેશહિત કામ હવે, કેમ નહિ આદરે ? ૧

(ભુજંગી છંદ)

બહુ હર્ષ છે દેશ સુધારવામાં,
બહુ હર્ષ છે સુનીતિ ધારવામાં;
ઘણા સદ્‌ગુણો જોઈને મોહ પામું,
વધુ શું વદું હું મુખેથી નકામું.

# પ્રસ્તાવના

(દોહરો) **કહે નેપોલિયન, દેશને, કરવા આબાદાન,**
**સરસ રીત છે એ જ કે, દો માતાને જ્ઞાન. ૧**

ઉપરનો દોહરો વાંચી વાંચનાર વિચારશે કે એ દોહરો કેવો ઉપયોગી અને સુબોધક છે ? એ દોહરાનો જો ખરો અર્થ વિચારીએ તો તેથી કેટલો બધો ફાયદો થાય ? ઘણો જ.

કહેવત છે કે "મા-બાપ તેવાં છોકરાં." વળી બાપ કરતાં, છોકરાં પર માતાનાં લક્ષણની વધારે અસર થાય છે.

આપણા ભરતખંડમાં હાલ સ્ત્રી-કેળવણીનો સારો પ્રસાર થતો જાય છે. તેમજ વળી વાંચવાનો શોખ પણ વધતો જાય છે; જેથી કરીને સ્ત્રીઓને વાંચવા લાયક પુસ્તકો પ્રસિદ્ધ થવાની ઘણી અગત્ય છે; અને તે વિષે સર્વે સ્વદેશ-હિતેચ્છુઓ ધ્યાનમાં લેશે.

સ્ત્રીઓ બેત્રણ ચોપડીઓ ભણે કે તે ભણી ઊતરી એમ સ્વદેશીઓ જાણે છે, અને જરા વાંચતાં આવડ્યું કે અનીતિ બોધક ચોપડીઓ વાંચવા આપે છે, જેથી અનીતિનો સ્ત્રીઓમાં ઉદય થાય છે. જો પૂરી કેળવણી આપી સારાં સારાં નીતિદર્શક પુસ્તકો વંચાવે તો સ્ત્રીઓ સુધરે. પણ આ તો તેથી ઊલટું બને છે. વળી વહેમી અને અજ્ઞાની લોકો પણ એમ જ કહે છે કે જો સ્ત્રીઓને ભણાવીએ તો તેઓ બગડી જાય, પણ એ વિચાર જ અજ્ઞાનતા દર્શાવે છે. પૂરી કેળવણી વિના અબળા ક્યાંથી સુધરે?

સ્ત્રીનીતિધર્મ, દૈવજ્ઞ દર્પણ, ભૂતનિબંધ, પાર્વતી કુંવરાખ્યાન, સંસાર સુખ, નીતિ વચન વગેરે સારાં સારાં સુનીતિદર્શક પુસ્તકો વાંચવામાં આવે તો અનીતિનો પ્રસાર ન થાય. માટે સ્ત્રીઓને પૂરી કેળવણી આપવી જોઈએ, એવી મારી સ્વદેશીઓને નમ્રતાપૂર્વક ભલામણ છે.

વળી સ્ત્રીઓ નહીં સુધરવાનું મોટું કારણ તો બાળલગ્ન જ છે. નાનપણથી તેને સંસારના મામલામાં ઢોળી પાડે છે, અને પછી તેને ઢોરવત્ ગણી બહુ દુઃખ દે છે. ઘણે ઠેકાણે તો કજોડાં થાય છે, જેથી અણબનાવ આવીને ઊભો રહે છે; કોઈ કોઈ ઠેકાણે તો સાસુ અને વહુ વચ્ચે કંકાસ ચાલે છે; અને છેલ્લે તેના પતિ સાથે પણ અણબનાવ થાય છે, તેથી કંકાસ વધારે ફાવે છે. કંકાસ થવાથી સ્ત્રીઓ કામણ, ટૂમણ અને દોરાચિઠ્ઠી વાસ્તે ઢોંગી પુરુષો પાસે જાય છે; અને તેના ભરમાવ્યા પ્રમાણે ભ્રમિત થાય છે; જેથી શૂળો પેદા થાય છે; વહેમ વધે છે; અને હાનિઓ હિંમતવાન થઈ ઊભી રહે છે — વગેરે બાળલગ્નથી ઘણા ગેરફાયદા થાય છે. પરંતુ આ લઘુગ્રંથમાં તે ગણી બતાવવા અને તેનાં પરિણામ દર્શાવવાં અશક્ય, જેથી ઉપર ઉપરથી ટૂંકામાં સાર લીધો છે. એ બાળલગ્નથી જ સ્ત્રીઓ કેટલીક બાબતમાં બિચારીઓ દુઃખ ભોગવે છે. એ કેટલું બધું દિલગીરી ભરેલું અને ખેદકારક છે, તે વિષે વિચાર કરવાની વાંચનારને વિનંતિ કરું છું.

આ પુસ્તકમાં સ્ત્રીઓને ઉપયોગી થાય તેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકના મારે ત્રણ ભાગ કરવાના છે. તેમાંનો આ પહેલો ભાગ બહાર પાડ્યો છે. અને મદદ મળશે તો આ પુસ્તકના બીજા બે ભાગ પણ યોગ્ય વખતે બહાર પાડીશ. થોડી કિંમત રખાય, અને ઘણાને લેવાનું બની આવે તેટલા માટે આ વિચાર કર્યો છે. તો સર્વે સજ્જનો તરફથી મદદ મળશે એમ આશા રાખું છું.

આ ગ્રંથમાં જે કંઈ દોષ માલૂમ પડે તે મને લખી જણાવવા જે સજ્જન કૃપા કરશે તેનો હું આભારી થઈશ. ભૂલચૂકને માટે ક્ષમા ચાહું છું.

૨૦ ૨૦

# સ્ત્રીનીતિબોધક
# ભાગ ૧ લો

## ગરબી ૧ લી
## પરમેશ્વરપ્રાર્થના

(જય જય જગસ્વામી રે – એ ઢાળ)

જગદીશ દયાળુ દેવ, નમું તને હેતે રે;
કરું પિતા તમારી સેવ, નમું તને હેતે રે. ૧

સુખકર્તા છો જગદીશ, નમું તને હેતે રે;
બહુ આપ કૃપાળુ ઈશ, નમું તને હેતે રે. ૨

તું સૃષ્ટિ-સરજનહાર, નમું તને હેતે રે;
તું નોધારાં-આધાર; નમું તને હેતે રે. ૩

અવિનાશી દયાળુ નાથ, નમું તને હેતે રે;
જોડું તુજને પ્રીતે હાથ, નમું તને હેતે રે. ૪

જય ભૂધર જય જગનાથ, નમું તને હેતે રે;
જય જગત તણા પિતુ માત, નમું તને હેતે રે. ૫

ભૂમંડળના રચનાર, નમું તને હેતે રે;
એક તું જ દીસે છે સાર, નમું તને હેતે રે. ૬

દેશહિત દયાળુ કરાવ, નમું તને હેતે રે;
જેથી ઊપજે આનંદ ભાવ, નમું તને હેતે રે. ૭

આપે બુદ્ધિ કાવ્યની એમ, નમું તને હેતે રે;
મુખે શુભ વદાયે જેમ, નમું તને હેતે રે. ૮

અંતર જામી છો બહુનામ, નમું તને હેતે રે;
તારી લીલા ને સુંદર કામ, નમું તને હેતે રે. ૯

તોડ મારા જે જૂઠા ફંદ, નમું તને હેતે રે;
વદે વિનંતિ રાયચંદ, નમું તને હેતે રે. ૧૦

---

## ગરબી ૨ જી
## પરમેશ્વરને ભજવા વિષે

(વર રે વિઠ્ઠલ કન્યા રાધિકા-એ રાગ)

સાંભળી નારી સુલક્ષણી, શીખ મારી આ ઠીક;
કાળ તણો ભય લેખીને, રાખ ઈશ્વરની બીક. સાંભળ૦ ૧

ભાવે કરી ભજજે પ્રભુ, એ તો સરજનહાર;
દેવ દયાળુ જાણજે, એની કળા છે અપાર. સાંભળ૦ ૨

ભજવો ઘટે તેને અરે, જે છે માત ને તાત;
ખલક તણો રચનાર એ, જે છે વિશ્વ વિખ્યાત. સાંભળ૦ ૩

અવિનાશી ઉપમા અધિક, જેના રૂડા છે નીમ;
જગદીશ સુખકર્તા વડો, જેનાં કૃત્યો અસીમ. સાંભળ૦ ૪

દુઃખ-વિદારણ દેવતા, ભજવો જ તેને નિત્ય;
દામ ન લેશે કોઈ એ, માટે કર એથી પ્રીત. સાંભળ૦ ૫

મારે છે જે ગર્વને, જેના મોટા ઉપકાર;
તેને જ શાણી સ્નેહથી, ભજજે ડાહી તું નાર. સાંભળ૦ ૬

ચંદ્ર અને સૂરજ વળી, તારામંડળ જેહ;
પૃથ્વી અને ગ્રહ સર્વનો, કરનારો છે એહ. સાંભળ૦ ૭

કેમ ન ભજીએ તેહને, એ તો છે મૂરખાઈ;
ભજતાં મોક્ષ મળે ખરે, નથી ખોટું એ બાઈ. સાંભળ૦ ૮

કાળ હરે છે સર્વને, કાં તો સ્વર્ગ કાં નર્ક;
રાજાધિરાજ ગયા અરે, થયા એહ તો ગર્ક. સાંભળ૦ ૯

હેતે હરિ સમરો અને, તજો જૂઠા જે ફંદ;
તો રીઝે જગબાપ બહુ, વાણી વદે રાયચંદ. સાંભળ૦૧૦

---

## ગરબી ૩ જી

## પરમેશ્વરની લીલા વિષે

(રાગ ધોળ)

નીતિમાં ધ્યાન ધરો તમે, નીતિથી વર્તો હમેશ;
સુકૃત સર્વે આદરો, એથી રીઝે જગેશ. નીતિ૦ ૧

સદ્ગુણ શીખો સ્નેહથી, કાઢો ગર્વ અવગુણ;
એથી ન ઈશ તો રીઝશે, માટે ધારો સુગુણ. નીતિ૦ ૨

સત્યથી શાદી કરો તમે, કાઢો કૂડ અસત્ય;
ભ્રાત પિતા પરપુરુષને, ગણો રાખી સુમત્ય. નીતિ૦ ૩

સુંદર બાગ જુઓ રૂડા, કેવા પર્વત બેન;
કેવી ચીજો ઈશે રચી, દીધું સુખ ને ચેન. નીતિ૦ ૪

દરિયા રચ્યા ભારે ભરી, નદી મોટી જો નાર;
ધન્ય, ધન્ય, ધન્ય, ધન્ય છે, ધન્ય વિશ્વાધાર. નીતિ૦ ૫

વિવિધ રચના એણે ધરી, એ પણ આપણ કાજ;
ઝાડ વનસ્પતિ સર્વ એ, કરનારો જગરાજ. નીતિ૦ ૬

પક્ષી અને સૌ પ્રાણીઓ, જોઈ રાજી હું થાઉં;
એવા પ્રભુની ઉપરે, બલિહારી હું જાઉં. નીતિ૦ ૭

તેને ભજો સહુ પ્રેમથી, એથી સુખ મળે જ;
મારી તો એવી વિનતિ, એથી દુઃખ ટળે જ. નીતિ૦ ૮

માટે ભજો ભગવાનને, તો તો ધન્ય અવતાર;
સુકૃત-બીજ રોપાવશો, એથી છેવટે સાર. નીતિ૦ ૯

સજ્જની, શીખ આ રાયની, ધારી ઉર ઉમંગ;
માનીશ તો સુખી તું થશે, કરજે નીતિનો સંગ. નીતિ૦ ૧૦

---

## ગરબી ૪ થી

## ક્ષણભંગુર દેહ વિષે

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

ક્ષણભંગુર જાણીને તું તો દેહને,
ભજજે બેની ભાવ ધરી ભગવાન જો;
નથી ભરોંસો પળનો એમ જ જાણજે,
માટે મિથ્યા કરજે મા તોફાન જો. ક્ષણ૦ ૧

રાજા રાણા ને પંડિત શાણા હતા,
ચાલી નીકળ્યા મૂકીને ઘરબાર જો;
મૂરખ કે ડાહ્યો અમર દીઠો નહિ,
માટે કરજે ઉર વિષે વિચાર જો. ક્ષણ૦ ૨

મોતની પાસે નારી, ન કાંઈ ચાલશે,
નહિ ખમનારું દિવસ કે એક રાત જો;

અવધ વીત્યેથી જાવું બેની, એકલું,
સાથે ન મળે કોઈ તણો સંઘાત જો. ક્ષણ૦ ૩

સુકૃત થાયે કરજો તે તો હાથથી,
'પાછળ થાશે સર્વે' તે તો ફોક જો;
દાટ્યા રહેશે પૈસા પ્યારા ભોંયમાં,
થાશે પછીથી શાણી બહુ બહુ શોક જો. ક્ષણ૦ ૪

મહેલ હતા જેના શોભીતા ને રૂડા,
નહિ વેઠેલો તડકો કે કંઈ ટાઢ જો;
તે પણ એક સમે ચાલીને નાસિયો,
તૂટ્યું આવરદા કેરું એ ઝાડ જો. ક્ષણ૦ ૫

ક્ષણમાં જાનારા છે, ડાહી, પ્રાણ આ,
કેમ ભરોંસો કરીએ તેનો આપ જો;
નાણામાં ઝાઝાં શું રહીએ મોહીને,
ભજીએ કેમ નહીં ભાવે જગ-બાપ જો ? ક્ષણ૦ ૬

કેવળ પૈસામાં નહિ ચિત્ત જ જોડવું,
તેમ ન કરવો ઝાઝો કો દી લોભ જો;
સંસારી મુસાફરીમાં ફરીને જવું,
નહિ કરનારો એનો કોઈ થોભ જો. ક્ષણ૦ ૭

દૈવગતિ ડાહી, ન કળાયે કોઈથી,
માટે બેની, કર સુકૃત્ય હમેશ જો;
'રાય' વણિક એમ વિનવે સુણજો ભાવથી,
તો શાણી હું જાણું તુજને બેશ જો. ક્ષણ૦ ૮

# ગરબી ૫ મી

## શાણી માતાએ પુત્રીને દીધેલી શિખામણ

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

સાંભળ શાણી પુત્રી, શીખ આ માહરી,
હિતકારી સારી છે તુજને તેહ જો;
શાણી છો પણ દઉં છું શુદ્ધ પ્રબોધને,
હૈયે દીકરી, રાખી લેજે એહ જો. સાંભળ૦ ૧
સંપીને સાસરિયે રહેજે સર્વથી,
કરજે નહિ તું કો'થી બેન કુસંપ જો;
દુઃખનું મૂળ કુસંપને ડાહી, જાણજે,
એથી ન હોયે કો દી કોને જંપ જો. સાંભળ૦ ૨
વર્તીને વિવેકે વિનય ચલાવજે,
કદી કરીશ નહિ કૂડો તું તો ક્રોધ જો;
ક્રોધ થકી ઘટશે બેની, બહુ આબરૂ,
કરજે નીતિ કેરો શાણી શોધ જો. સાંભળ૦ ૩
હળી મળી પિયુ સાથે પુત્રી તું વર્તજે,
વખત નકામો જાવા નહિ તું દઈશ જો;
આળસ ને અજ્ઞાની જનને છાંડજે,
ઘરતણી વાત ન કોને તું તો કહીશ જો. સાંભળ૦ ૪
સીતા ને દમયંતી શાણી જે હતી,
વળી અનસૂયા આદિ બહુ ગુણવાન જો;
તેનાં લક્ષણ વેગે કરીને વાંચજે,
રાખી લેજે સર્વે રીતનું ભાન જો. સાંભળ૦ ૫
ખડખડ હસજે નહિ તું ડાહી દીકરી,
મર્યાદા વણ જાણું હું તો ધિક્કાર જો;

ચાલ કુચાલે કો દી તું ચાલીશ નહિ,
થાજે ત્યાં તો ડાહી ને તું ઠીક જો. સાંભળ૦ ૬

વાક્ય કઠણ નહિ બોલીશ તું તો કોઈથી,
કદી જઈશ નહિ ઝાઝું હે ! પરઘેર જો;
દેરાણી, જેઠાણી બેન સમાન છે,
નહિ રાખીશ તેનાથી કાંઈ વેર જો. સાંભળ૦ ૭

સાસુ સસરો કહે તે વેગે માનજે,
કરજે સેવા તેની તું તો બેશ જો;
જેઠ દિયરની સાથે વર્તી ઠીક તું,
વિરોધ ન કીજે કો'થી ડાહી લેશ જો. સાંભળ૦ ૮

વાંચ્યાનું તો કામ હમેશાં રાખજે,
પતિવ્રતાનો પાળી પુત્રી, ધર્મ જો;
વર્ત્યાની રીતિ વેગે તું સાચવી,
સમજી લેજે ખોટો સાચો મર્મ જો. સાંભળ૦ ૯

માતુનો આ બોધ વિચારી ઉરમાં,
પાળી લેજે પ્યારી પુત્રી, તેહ જો;
રાયચંદ વણિકની એવી વિનતી,
ડાહી શાણી એવી ગણવી તેહ જો. સાંભળ૦૧૦

---

## ગરબી ૬ ઠ્ઠી
## વખત નકામો નહીં ગાળવા વિષે

(હરિ ભજન વિના દુઃખદરિયા સંસારનો પાર ન આવે—એ રાગ)

અરે વખત વૃથા, કો દી ગુમાવો નહિ એ મારી વિનતી;
મળે નહિ પાછો, જાનારો એ ખરચો જો દામો અતિ.

મળે નહીં પાછો એ પોતે, ભલે દીપક લઈને તું ગોતે;
નહીં મળે ચંદ્ર કેરી જ્યોતે. —અરે વખત૦ ૧

નહીં પળ નકામી જાવા દો, સારો ઉપયોગ જ થાવા દો;
શુભ કામ કરીને લ્હાવો લો. —અરે વખત૦ ૨

વખત અમૂલ્ય જાણી લીધો, ઉપયોગ કરો તેનો સીધો;
અમથી કૂથલી તો જાવા દો. —અરે વખત૦ ૩

રે ! વાંચો સદ્ગ્રંથો સારા, રાખી તેના નિત્યે ધારા;
કરો કામો સારાં બહુ પ્યારાં. —અરે વખત૦ ૪

કરી લેજો સુકૃત નવરાશે, વળી ભરત ભરો બહુ ઉલ્લાસે;
વાંચ્યાથી વહેમો બહુ નાસે. —અરે વખત૦ ૫

નહિ ગપ્પે વખત ગુમાવી દો, નહિ કૂથલીમાં ખોવરાવી દો;
એનો ઉપયોગ કરાવી લો. —અરે વખત૦ ૬

વધે સુધારા તે યોજો, કાઢી કુધારાનો બોજો;
વળી મેલ અજ્ઞાનીનો ધોજો. —અરે વખત૦ ૭

સજ્જની, સુબોધો સારા લે, હમેશ ડાહી થઈ સુધરી લે;
તેવી થાવા બીજીને કહે. —અરે વખત૦ ૮

વળી વખત નકામો જાવાથી, આવરદા ઓછી થાવાથી;
શો ફાયદો કહે એ લ્હાવાથી ? —અરે વખત૦ ૯

રાયચંદતણી એ વિનતિ, અરે વખત બચાવી સુધારો મતિ;
બનીને ખંતી થાઓ જ સતી. —અરે વખત૦ ૧૦

## ગરબી ૭ મી

## ઉદ્યમ શું ન કરી શકે ?

(જોબનિયાનો ચટકો રે દા'ડા ચારનો-એ રાગ)

શાણી, સુણ તું ઉદ્યમ કેરી વાતડી,
કરું પ્રશંસા જેની હું બહુ આજ જો;
કોવિદ[1] ને કવિજન વખાણે જેહને,
જેથી થાયે મોટાં મોટાં કાજ જો. શાણી૦ ૧

સહેલાં સર્વે કામો એથી થાય છે,
એથી સર્વે જાણો મોટાં સુખ જો;
બેઠાં રહેવાથી નથી કાંઈ ફાયદો,
શું એના કહું ગુણો હું તો મુખ જો. શાણી૦ ૨

ઉદ્યમનો કરનારો ભૂખે નહિ મરે,
ઉદ્યમથી તો સુધરે ડાહી કાજ જો;
ઉદ્યમ કરતાં શું નહિ પામે માનવી ?
દે પ્રત્યુત્તર તેનો તું તો આજ જો. શાણી૦ ૩

સ્નેહે ઉદ્યમ-આદરે જે કો માનવી,
આણીને ઉર માંહી હિત વિચાર જો;
તો તે જાણો પગલે સુખને આવિયો,
ઉદ્યમે આગળ ચડતો જાય અપાર જો. શાણી૦ ૪

મંડ્યા રહીને આદરશે ઉદ્યમ જે,
કરશે ઈશ્વર તેને ઘટતી સહાય જો;
રાયચંદ વણિકની એવી વિનતિ,
સર્વે સિદ્ધિ-કામો એથી થાય જો. શાણી૦ ૫

---

૧. હોશિયાર, ડાહ્યા, અનુભવી

## ગરબી ૮ મી
## ઉદ્યમથી થયેલાં કામો વિષે

(સખી પડવેના પડિયા પંથ, નાથજી ના'વ્યા રે—એ રાગ)

અહો ! ઉદ્યમથી સહુ થાય, શાણી સુણજે રે;
વડાં એથી સુખ પમાય, ઉદ્યમ કરજે રે. ૧

આગગાડી અને વળી તાર, એથી આવ્યાં રે;
વળી વધી પડ્યા વેપાર, જનમન ભાવ્યા રે. ૨

એથી નીપજે મોટાં કામ, શું કહું ઝાઝું રે;
સુખી દીસે ઉદ્યમી નામ, તેને હું બાઝું રે. ૩

હોય દાણા દળવા કાજ, ઘંટીની પાસે રે;
જો દળીએ તો પૂરે આશ, ઘડતાં ખાશે રે. ૪

નહિ તો દાણા છતા હોય, કદાપિ ઘરમાં રે;
નહિ પેસવા કેરા તોય, તે ઉદરમાં રે. ૫

જો કરે ઉદ્યમ તો ખાય, નહિ તો બેસે રે;
તે ભૂખેથી મરી જાય, દુર્બળ વેશે રે. ૬

ફળ મહેનત કેરું હોય, કહેવત કહે છે રે;
તે વિચારીને જોય, ખરું દીસે છે રે. ૭

એમ ઉદ્યમના પરતાપ, વિશ્વ વખાણે રે;
માટે એ ગણું સુખનો બાપ, સંશય ન આણે રે. ૮

આ ઉદ્યમી સુખી અપાર, દીઠા નજરે રે;
રાયચંદ ગણીજે સાર, ઉદ્યમ કરજે રે. ૯

---

# ભાગ ૨ જો
# વિદ્યા અને કેળવણી સંબંધી
## ગરબી ૯ મી
## વિદ્યા વિષે

(મારું સોનાનું છે બેડું રે, છેલછબીલા છોગાળા-એ રાગ)

સુણ હેતેથી નારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
છે વિનતિ આ હિતકારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૧

વિદ્યા છે સુખરૂપ સારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
એ દિવ્ય ચક્ષુ દેનારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૨

માટે લાગે છે પ્યારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
એને પંડિતે તો ધારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૩

તેને ભાવે ભણજે નારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
એથી માન મળે છે ભારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૪

એ મિત્ર ગણી જે નારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
એ વાવે ફળ હિતકારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૫

કોને લાગે એ ખારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
ભણશે તે થાશે સારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૬

એ હિત કેરી નિશાની રે, વિદ્યામાં છે ગુણ બહુ;
એને લેજે તું પિછાની રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૭

એ સુધારો દેનારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;
અવગુણ ગણજો નહિ નારી રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૮

આગળ થયા બુધો ઝાઝા રે, વિદ્યામાં છે ગુણ બહુ;
જે હતા વિદ્યાથી તાજા રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૯

સન્માન કર્યાં હતાં રાયે રે, વિદ્યામાં છે ગુણ બહુ;
એમ કારજ સિદ્ધિ થાયે રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૧૦

આ રાયચંદ ઉચ્ચારે રે, વિદ્યામાં છે ગુણ બહુ;
પામર જન તે નહિ ધારે રે, વિદ્યામાં છે ગુણ બહુ. ૧૧

---

## ગરબી ૧૦ મી
## કેળવણીના ફાયદા

(હરિ ભજન વિના દુઃખદરિયા સંસારનો પાર ન આવે—એ રાગ)

હે કેળવણી ! તારામાં મેં દીઠા બહુ બહુ ફાયદા,
તું તો નીતિથી રોજ પળાવે પરમેશ્વરના કાયદા.

ધન્ય વારંવાર તને જ કહું, વળી શાબાશી સારી જ દઉં;
નીતિ તારાથી ઠીક લહું. —હે કેળવણી૦ ૧

તું તો દેવી દીસે મુજને, વંદન કરું હેતેથી તુજને;
પાડી તેં તો સારી સૂઝને. —હે કેળવણી૦ ૨

બહુ અક્કલ તેં તો દોડાવી, હિંમતની ગાડી જોડાવી;
મારે મન ભાવે તું ભાવી. —હે કેળવણી૦ ૩

તેં નવીન હુન્નર બહુ શોધાવ્યા, બહુ સાર સુબોધો બોધાવ્યા;
તેં અમૃત વૃક્ષો બહુ વાવ્યાં. —હે કેળવણી૦ ૪

તું આવી દેવ તણી દીકરી, ત્યાં, લક્ષ્મી થઈ બેઠી કિંકરી;
તોડી તેં તો આળસ ઠીકરી. —હે કેળવણી૦ ૫

તેં વહેમ વિશેષે ખંડાવ્યા, નીતિના ધારા મંડાવ્યા;
અનીતિના નોકર રખડાવ્યા. —હે કેળવણી૦ ૬

તેં નાશ કર્યો જૂઠો આંટો, નાખી અમૃત કેરો છાંટો;
કીધાં દુઃખો દાળો વાટો[1] —હે કેળવણી૦ ૭

તેં ન્યાયથી રાજ ચલાવ્યું છે, આળસને બહુ બિવરાવ્યું છે;
તેં સત્ય વિશેષ બતાવ્યું છે. —હે કેળવણી૦ ૮

તેં ગાડી તાર શોભાવ્યાં છે, એ તારી મદદથી આવ્યાં છે;
રૈયતને મન જે ભાવ્યાં છે. —હે કેળવણી૦ ૯

તેં ઠાઠ રચ્યો છે બહુ સારો, તેં સુધાર્યો સહુ જન્મારો;
ભૂલીશ નહિ તારા ઉપકારો. —હે કેળવણી૦ ૧૦

તેં વિધવિધ વાત બનાવી છે, તું વિનયથકી બહુ ભાવી છે;
તેં ઠીક બજાર શોભાવી છે. —હે કેળવણી૦ ૧૧

ઊંચી પદવીને તું પામી છે, તુજ આબરૂ સારી જામી છે;
જ્યાં અનીતિ કેરી ખામી છે. —હે કેળવણી૦ ૧૨

તેં રંક બનાવ્યા શેઠ બહુ, એ તારી હું બહાદુરી કહું;
સુધર્યા જેથી શઠ જન સહુ. —હે કેળવણી૦ ૧૩

અનીતિને કરી દીધી અળગી, નીતિ તારાથી રહી વળગી;
બહુ વહેમની વાતો ગઈ સળગી. —હે કેળવણી૦ ૧૪

તેં ડહાપણ બહુ જ ચલાવ્યું છે, સુંદર ફળ સારું આવ્યું છે;
એવું પંડિતે કહાવ્યું છે. —હે કેળવણી૦ ૧૫

તું સુધારનાર દીસે છે સતી, તું દેવી શોભાળી દીસતી;
બહુ કીમતી જાણું તારી ગતિ —હે કેળવણી૦ ૧૬

તેં સુખ સાધન બહુ દર્શાવ્યાં, જે કળા હુન્નરો બહુ લાવ્યાં;
સુખદાયક પરિણામો આવ્યાં. —હે કેળવણી૦ ૧૭

---

૧ દાટ - વિનાશ

આ રાયચંદની એ વિનતિ, દેજે સહુને તું સારી મતિ;
દેખાડીને સારી જુગતિ, —હે કેળવણી૦ ૧૮

## ગરબી ૧૧ મી
## કેળવણી વિષે

(અંતકાળે સગું નહિ કોઈનું રે—એ રાગ)

કહું વાત કેળવણીની સુણો રે;
એનાં ફળ રૂડાં સુખરૂપ. કહું૦
એ જ સુખસાગર સહુ જાણજો રે,
એ જ અમી તણો છે કૂપ. કહું૦ ૧

નથી સાર તેના વિના કશો રે,
ઉર વિચારી જોજો એ જ. કહું૦
ફળ સારાં જેનાં બહુ નીપજે રે,
ખરી કેળવણી કહું તે જ. કહું૦ ૨

કદી ભણ્યો હશે કોઈ વેદિયો રે,
વિના કેળવણી નહિ સાર. કહું૦
પઢી પોપટ ગયો હોય પાધરો રે,
રામનામ તણો ન વિચાર. કહું૦ ૩

ભણે પોપટિયું શો ફાયદો રે,
પણ કેળવણી સુખકાર. કહું૦
કરે વાંચી વિચાર જે જે નવા રે,
વળી શોધી લે સારો સાર. કહું૦ ૪

તન સાથે કેળવણી મનની રે,
મન સાથે કેળવણી તન. કહું૦

તો જ લીધી કેળવણી કામની રે,
વાહ! વાહ! તેને કહું ધન્ય. કહું૦ ૫

રાયચંદ વણિકની વિનતિ રે,
તો જ ખરી કેળવણી નામ. કહું૦
તો જ મેળવે મોટાં ફાયદા રે,
એ જ કેળવણીનું કામ. કહું૦ ૬

## ગરબી ૧૨ મી
## અભણ સ્ત્રીને ધિક્કાર

(પ્રેમની પ્રેમની પ્રેમની રે મને લાગી કટારી પ્રેમની—એ રાગ)

ધિક્ છે, ધિક્ છે, ધિક્ છે રે, બહુ અભણ નારીને ધિક્ છે;
ભણ્યા વિના અઠીક છે રે, બહુ અભણ નારીને ધિક્ છે.

ભણ્યા વિના છે પશુ સમાનિક,
ભણ્યાથી સુખ અધિક છે રે. બહુ૦ ૧

જીવતર ભણ્યા વિનાનું એળે,
માટે ભણ્યાની શીખ છે રે. બહુ૦ ૨

ભણ્યા વિના નહીં સુખ લગારે,
વળી ભણ્યાથી ઠીક છે રે. બહુ૦ ૩

વહેમી વદે છે નારી ભણ્યાથી,
બગડી જવાની બીક છે રે. બહુ૦ ૪

પણ અભણ તે ઢોર ગણીજે,
ઊંધી બુદ્ધિ અઠીક છે રે. બહુ૦ ૫

કૂડું કરમ વિદ્યા અટકાવે,
માટે ભણવું ઘટિત છે રે. બહુ૦ ૬

સજ્જનમાં અ-વખાણો પામે,
લક્ષણ બહુ અઠીક છે રે. બહુ૦ ૭

હિત ઇચ્છે જો તારું પોતાનું,
વિદ્યા ગુણો અધિક છે રે. બહુ૦ ૮

માટે ભણી લે ભાવથી મૂરખી,
નહિ તો તુજને ધિક્ છે રે. બહુ૦ ૯

ભણ્યા થકી બહુ ગ્રંથ વાંચીને,
સાર લેવો ઘટિત છે રે. બહુ૦૧૦

રાયચંદ હેતે કહે છે તુજને,
અભણતાથી ધિક્ છે રે. બહુ૦૧૧

માન કહેલું મારું પ્રીતે,
ભણતર સદ્ગુણ-નીક છે રે. બહુ૦૧૨

---

## ગરબી ૧૩ મી
## સુગ્રંથ વાંચવા વિષે

(અંતકાળે સગું નહિ કોઈનું રે—એ રાગ)

જ્ઞાન વાંચ્યાથી સારું આવશે રે,
એ જ સુગ્રંથનો મહિમા ય. જ્ઞાન૦ ૧

બહુ નીતિવાળી વાતો વદે રે,
વળી આપે તે સારો બોધ; જ્ઞાન૦

હિતકારી પ્રબોધો બોધશે રે,
એથી જાણો નીતિનો શોધ. જ્ઞાન૦ ૨
હંમેશ વખત બચાવવો રે,
કરો તેનો સારો ઉપયોગ; જ્ઞાન૦
સુગ્રંથ વાંચીને સાર જાણવો રે,
એમ મેળવજો બેન યોગ. જ્ઞાન૦ ૩
લખી ગયા પંડિતો આપણા રે,
શીખ કારણ સારા ગ્રંથ; જ્ઞાન૦
તેને વાંચી વેગે વિચારજો રે,
જેથી મળશે સારો બહુ પંથ. જ્ઞાન૦ ૪
મૂરખ ભણેલો નીપજે રે,
જો તેથી ન ગ્રંથ વંચાય; જ્ઞાન૦
પછી જ્ઞાન બધું કટાઈને રે,
સહેજે ઊંધી વિદ્યા વપરાય. જ્ઞાન૦ ૫
ભણ્યું પછી તે કેવા કામનું રે,
જેનો થાય ઊંધો ઉપયોગ; જ્ઞાન૦
ભણી બેઠો હશે પોપટિયું રે,
એ તો દેખાદેખી સાથ ભોગ. જ્ઞાન૦ ૬
ભણ્યા તે જ આવે છે કામમાં રે,
એ જ સુગ્રંથ કેરું કામ; જ્ઞાન૦
વિના વાંચ્યા થકી નથી ફાયદો રે,
નહિ કેળવણી તો નામ. જ્ઞાન૦ ૭
અમૃત તણો કૂપ એ ગણો રે,
દીસે શોક તણો હરનાર; જ્ઞાન૦

ધૈર્ય આપે અતિશય દુઃખમાં રે,
એ જ સુગ્રંથ સુખ કરનાર. જ્ઞાન૦ ૮
વિવેક વધારે અંગમાં રે,
આવે નીતિ તણો તો રંગ; જ્ઞાન૦
એમ વાંચ્યા તણા ગુણો ઘણા રે,
કરી દેશે અનીતિ ભંગ. જ્ઞાન૦ ૯
સંગ પ્રમાણે રંગ સૌને ચડે રે,
એ જ કે'વત સાચી જાણ; જ્ઞાન૦
સુગ્રંથો વાંચ્યાથી સુધરે રે,
દૃષ્ટાંત દેખી તું માન. જ્ઞાન૦ ૧૦
દેખાડી દેશે બેની ફાયદા રે,
માટે હેતે તેને તું વંદ; જ્ઞાન૦
જીવતર સાર્થક તું જાણજે રે,
વિનવે છે વદી રાયચંદ. જ્ઞાન૦ ૧૧

---

## ગરબી ૧૪ મી
## જ્ઞાન વધારવા વિષે

(વર રે વિઠ્ઠલ કન્યા રાધિકા—એ રાગ)

જ્ઞાન લહો શાણી થઈ, કરો સફળ અવતાર;
ધિક્કારી અજ્ઞાનને, રાખો જ્ઞાનથી પ્યાર. જ્ઞાન૦ ૧
ભાવે ભણો વિદ્યા ભલી, વાંચો પુસ્તક સાર;
નીતિ વધે બહુ દિલમાં, ઊપજે શુભ વિચાર. જ્ઞાન૦ ૨
અજ્ઞાને દોષ વિશેષ છે, નહિ સમજાયે સાર;
જ્ઞાન ગમ્મત મળે નહિ, નહિ વધશે કાર. જ્ઞાન૦ ૩

ઊંધી બુદ્ધિ અજ્ઞાનથી, સવળી જ્ઞાને હોય;
અજ્ઞાને ફળ ઊલટાં, સૂલટાં જ્ઞાને જોય. જ્ઞાન૦ ૪
જ્ઞાન થકી બહુ હિત છે, મળે સમજણ ઠીક;
સારું તે નરસું દીસે, એ તો હોય અઠીક. જ્ઞાન૦ ૫
ખબર પડે છે જૂઠની, તેમજ સત્યની નાર;
માટે ભણીને નેહથી, લહો જ્ઞાન વિચાર. જ્ઞાન૦ ૬
ભણ્યાથી સુગ્રંથ વાંચશો, તેથી વધશે જ્ઞાન;
જ્ઞાન વધ્યે જાશે બહુ, ઉર કેરું અજ્ઞાન. જ્ઞાન૦ ૭
સાસુની સાથે હળીમળી, રહેવા કેરી જે પ્રીત;
સ્વામીની સાથે વર્તવા, તેની દેખાડે રીત. જ્ઞાન૦ ૮
કાઢી કાયરતા મનની, વહેમ નાખશે દૂર;
અજ્ઞાને ઊલટાં વધે, નહિ થાય ચકચૂર. જ્ઞાન૦ ૯
સતી થવા જો ઇચ્છજો, તો તો લેજો જ્ઞાન;
અજ્ઞાન કાઢી નાખજો, એથી ગણી નુકસાન. જ્ઞાન૦૧૦
સુનીતિ સારીને કારણે, લેજે બુદ્ધિ પવિત્ર;
અજ્ઞાન ઊંધું વાળવા, વાંચ વાંચ સુમિત્ર. જ્ઞાન૦૧૧
'રાય'ની વિનંતિ સાંભળી, કરો ઉર વિચાર;
તો તો મળે સુખ સર્વદા, રીઝે જગદાધાર. જ્ઞાન૦૧૨

## ગરબી ૧૫ મી

## સારી શીખ સુણવા વિષે

(રંગ તાળી, રંગ તાળી, રંગ તાળી રે રંગમાં રંગતાળી—એ રાગ)

શીખ સારી, શીખ સારી, શીખ સારી રે, સુણજો શીખ સારી.
જે કહે પંડિત વિસ્તારી રે, સુણજો શીખ સારી. ૧

તેને લેજો ઉરે વિચારી રે, સુણજો શીખ સારી.
માટે બોધ ધરીજે નારી રે, સુણજો શીખ સારી. ૨

આવે સદ્‌બોધ તો અપારી રે, સુણજો શીખ સારી.
શીખ સુણ્યે સુધરશો નારી રે, સુણજો શીખ સારી. ૩

એથી નીતિ વધે અપારી રે, સુણજો શીખ સારી.
એથી ગુણો જાણીને ભારી રે, સુણજો શીખ સારી. ૪

અનીતિ ન રહેશે લગારી રે, સુણજો શીખ સારી.
ગયા કવિ ગ્રંથે ઉચ્ચારી રે, સુણજો શીખ સારી. ૫

તેને ધ્યાને લહોને ધારી રે, સુણજો શીખ સારી.
થશો વિદ્વાનના ઉપકારી રે, સુણજો શીખ સારી. ૬

જશે બુદ્ધિ બધી નઠારી રે, સુણજો શીખ સારી.
પ્રેમે શીખ કરીજે પ્યારી રે, સુણજો શીખ સારી. ૭

એથી વધવાની છે હોંશિયારી રે, સુણજો શીખ સારી.
થાશો સુધરીને સન્નારી રે, સુણજો શીખ સારી. ૮

નહિ શીખને ગણવી ખારી રે, સુણજો શીખ સારી.
નહિ સાંભળે મૂરખી નારી રે, સુણજો શીખ સારી. ૯

એનાં ફળો બહુ હિતકારી રે, સુણજો શીખ સારી.
કહે "રાય" વણિક વિચારી રે, સુણજો શીખ સારી. ૧૦

---

# ભાગ ૩ જો

## ગરબી ૧૬ મી

## સુધરવા વિષે

(મામેરું મોઘા મૂલનું—એ રાગ)

સુણ સજ્જની વાત વિવેકની, ખંત ધારી વિશેષે અંગ;
સુધરજે સ્નેહથી.
બેની સુધરી સુધારજે બીજીને, જેઓ હોય તારે સંગ;
સુધરજે સ્નેહથી. ૧
સુંદર સુધારો ગ્રહી કરી, બહુ લાવજે ઉરમાં હર્ષ;
સુધરજે સ્નેહથી.
હંમેશ હૈયેથી ઇચ્છજે, સદ્ધારા તણો ઉત્કર્ષ;
સુધરજે સ્નેહથી. ૨
સહુ સંપીને સાથે નારીઓ, ભરો વનિતા કેરો સમાજ;
સુધરજે સ્નેહથી.
તમે વાતો કરો સુધર્યા તણી, વળી કરજો સુધારા કાજ,
સુધરજે સ્નેહથી. ૩
દુષ્ટ ધારા નડ્યા આ દેશને, જેથી પડતી થઈ છે બેન;
સુધરજે સ્નેહથી.
જેથી કુસંપ તો વધી ગયો, હરી લીધું સુખ ને ચેન;
સુધરજે સ્નેહથી. ૪
માટે સુધારા તો બહુ કરો, એથી સુખી થાશો જ નાર;
સુધરજે સ્નેહથી.
માનીને "રાય" તણું કહ્યું, સુંદરી લેજે તું સાર,
સુધરજે સ્નેહથી. ૫

# ગરબી ૧૭ મી

## સદ્‌ગુણ સજવા વિષે

(કા'ન આવો તો શીખવું ચાતુરી રે લોલ—એ રાગ)

સુણ સજ્જની વિચારી એક વિનતિ રે લોલ;
લઈ ધ્યાનમાં ધરો સદ્‌ગુણ અતિ રે લોલ. ૧

હિતકારી ગણી આ બોધને રે લોલ;
કરી લેજે ડાહી નીતિ શોધને રે લોલ. ૨

સદ્‌ગુણો સારા ગ્રહી રાખજો રે લોલ;
મિષ્ટ વાણી મુખેથી ભાખજો રે લોલ. ૩

હંમેશ સુલક્ષણ રાખવાં રે લોલ;
નીતિ કેરા પ્યાલા શુભ ચાખવા રે લોલ. ૪

છે સદ્‌ગુણ સુખકારી ભલો રે લોલ;
બહુ ભાગ્ય રૂડાં જેને એ મળ્યો રે લોલ. ૫

એની કિંમત અમૂલ્ય જાણવી રે લોલ;
એની કિંમત નહિ પરમાણવી રે લોલ. ૬

એ જ મણિ પારસ આપ જાણજો રે લોલ;
એને હેતે કરી વખાણજો રે લોલ. ૭

એ જ અમૃત કેરી કોથળી રે લોલ;
એ તો ભાગ્ય રૂડાને છે મળી રે લોલ. ૮

એના શૃંગાર છે બહુ શોભતા રે લોલ;
તેથી સર્વ ઠામે બહુ ઓપતા રે લોલ. ૯

એની પાસે હમેશ સુનીતિ વસે રે લોલ;
ઊંધી અનીતિ નાસીને દૂરે ખસે રે લોલ. ૧૦
એ જ વિવેકનું મૂળ છે ભલું રે લોલ;
ભાગ્યયોગે શાણાને તે મળ્યું રે લોલ. ૧૧
નમ્રતા તો દીસે જેની બેનડી રે લોલ;
કેમ ક્રોધ શકે તેને નડી રે લોલ. ૧૨
જેને નીતિ સાથે પ્રીતિ છે બહુ રે લોલ;
તેના ફાયદા કહો કેટલા કહું રે લોલ. ૧૩
અગણિત એનામાં ફાયદા રે લોલ;
એથી પળાય પ્રભુના કાયદા રે લોલ. ૧૪
સદ્‌ગુણી વખાણું નારને રે લોલ;
જેહ મળી સદ્‌ગુણના સારને રે લોલ. ૧૫
એ જ સતી થવા બહુ ઇચ્છશે રે લોલ;
જેહ ધીરજ-નીરને સીંચશે રે લોલ. ૧૬
એના ગુણ અપારો જાણીને રે લોલ;
લાવ ઉર વિષે તું આણીને રે લોલ. ૧૭
પરોપકારી બુદ્ધિ બહુ આવશે રે લોલ;
દયા ધર્મ બહુ સચવાવશે રે લોલ. ૧૮
શાણી સજ્જનીને મન ભાવશે રે લોલ;
એ તો એને હેતેથી તેડાવશે રે લોલ. ૧૯
કરે અણબનાવ એથી જ જે રે લોલ;
કહે "રાય" દુઃખ ગણજો તેહને રે લોલ. ૨૦

# ગરબી ૧૮ મી

## સુનીતિ વધારવા વિષે

(મા તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ—એ રાગ)

અહો ! કહું નીતિ કેરી વાત, પ્રીતિથી સાંભળો રે લોલ;
બહુ મૂકીને જૂઠ પંચાત, કાઢો મન આમળો રે લોલ. ૧

જે ગર્વ દીસે છે અસાર, અરે ! એથી નાસશે રે લોલ;
એમાં દેખું ભારે સાર, તને પણ ભાસશે રે લોલ. ૨

બેની સતીનાં લક્ષણ થાય, નીતિ જો રાખશે રે લોલ;
બેની સજ્જનમાં વખણાય, પ્રીતિરસ ચાખશે રે લોલ. ૩

જેનું પંડિત કરે સન્માન, વધુ શું ઊચરું રે લોલ;
જેથી આવે સારું ભાન, અજ્ઞાન થઈને પરું રે લોલ. ૪

એથી સુખ ને શાંતિ હોય, કહે મોટા કવિ રે લોલ;
એમાં સદ્‌ગુણ સારા જોય, નથી વાતો નવી રે લોલ. ૫

એમાં જે જે છે વળી ગુણ, ગણ્યા ગણાય નહીં રે લોલ;
ગણીને લેજે મૂળ સદ્‌ગુણ, તું હિત ગણજે મહીં રે લોલ. ૬

એથી વધશે તારો [1]ભાર, વિચારી જો ભલે રે લોલ;
એથી લક્ષ્મીદેવી અપાર, કહું છું બહુ મળે રે લોલ. ૭

જે જન રાખે નહીં એ ઉર, ગણો તે મૂરખો રે લોલ;
એને મળી અનીતિ ક્રૂર, ભારે દીધો ધક્કો રે લોલ. ૮

બેની અનીતિનાં તોફાન, બહુ દુષ્ટ તે ગણો રે લોલ;
એથી વાધે છે અજ્ઞાન, માટે નહિ એ ભણો રે લોલ. ૯

---

૧.આબરૂ

રાવણ સરખો પણ મહારાય, રોળાણો એહથી રે લોલ;
નહિ જેને નીતિ સહાય, ગયો તે દેહથી રે લોલ. ૧૦
બેની નીતિ વણ સંસાર, ભોગવશે બાઈઓ રે લોલ;
તે તો દુઃખી ગણ અપાર, બેની કે ભાઈઓ રે લોલ. ૧૧
ગણીને એને સુખનું મૂળ, કહું પ્યારી કરો રે લોલ;
વળી એનું આખું જે કુળ, તે પણ સાથે ધરો રે લોલ. ૧૨
એના દીકરા જે છે સપૂત, કપૂત ન નીવડ્યા રે લોલ;
અનીતિ કેરા જે છે સુત, એ તો કષ્ટે ભર્યા રે લોલ. ૧૩
બેની બહુ કપટી ને કુટિલ, અસત્યને સેવતા રે લોલ;
દુઃખ દેતાં ન કરે ઢીલ, નથી ઝટ નાસતા રે લોલ. ૧૪
તેની દીકરીઓ પણ એમ, ભરી વિષથી બહુ રે લોલ;
એથી ઊલટી નીતિ તેમ, અમૃતરૂપી કહું રે લોલ. ૧૫
અનીતિથી વધશે શોક, પછી દુઃખ આવશે રે લોલ;
વળી એહ મુકાવે પોક, હીણી મતિ લાવશે રે લોલ. ૧૬
નીતિરૂપી રૂપિયા રોક, એ તો અમૂલ્ય છે રે લોલ;
બેની અનીતિ વધારે કોક, એ તો બહુ ભૂલ છે રે લોલ. ૧૭
હું શું વધું કરું વખાણ, બુદ્ધિ નહિ માહરી રે લોલ;
એ તો અમૃત કેરી ખાણ, સર્વાંશે જો ધરી રે લોલ. ૧૮
કરો અનીતિ ઉપર રોષ, સુખી તમો થશો રે લોલ;
એમાં ગણો અતિશય દોષ, કુસંપ આવે ધસ્યો રે લોલ. ૧૯
વંદી વદતો રાયચંદ, હું નીતિ-દાસ છું રે લોલ;
અનીતિથી વાધે જૂઠા **ફંદ,** કરું તેનો નાશ હું રે લોલ. ૨૦

## ગરબી ૧૯ મી
## સત્ય વિષે-ગરબી ૧ લી

(પ્રથમ પાર્વતી પુત્રને, હું નમું રે લોલ-એ રાગ)

સુણ સત્ય કેરી વાત, સત્યે સુખ છે રે લોલ;
રાખો બેન અને ભ્રાત, એ ન દુઃખ છે રે લોલ. ૧

સત્ય યુગ કહેવાય, જ્યાં સત્ય છે રે લોલ;
કળિયુગ તો ગણાય, જ્યાં અસત્ય છે રે લોલ. ૨

નથી સાચને જ આંચ, કહું છું ખરું રે લોલ;
કહે છે ડાહ્યા જનો પાંચ, તે ધ્યાને ધરું રે લોલ. ૩

સદા સત્ય જીતનાર, કહે મોટા કવિ રે લોલ;
જૂઠ કોણ કહે છે સાર ? એ વાતો નવી રે લોલ. ૪

'सत्यमेव जयते' જ, વાક્ય વેદનું રે લોલ;
ખરું લાગે છે એ જ, સત્ય ભેદનું રે લોલ. ૫

કહે છે હાલ કેટલાક, કળિ આવિયો રે લોલ;
તેથી અસત્યની હાક, વધી ફાવિયો રે લોલ. ૬

વદે રાયચંદ સત્ય, નમું તેહને રે લોલ;
એની ગણું સુમત્ય, સત્ય પ્રિય જેહને રે લોલ. ૭

---

## ગરબી ૨૦ મી
## સત્ય વિષે—ગરબી ૨ જી

(મા પાવા તે ગઢથી ઊતર્યાં મા કાળી રે—એ રાગ)

જો સત્ય વિજય પ્રમાણ, નારી શાણી રે;
અસત્યે દુઃખ તું જાણ, છે મુજ વાણી રે. ૧

જો સત્યમાં સુખ વિશેષ, નારી શાણી રે;
એથી રીઝે છે જગેશ, છે મુજ વાણી રે. ૨
જો માનીને ઉર વિચાર, નારી શાણી રે;
તો સન્મતિ વાળી સાર, છે મુજ વાણી રે. ૩
જો કષ્ટ સમે પણ સત્ય, નારી શાણી રે;
રાખી લે ધારી સુમત્ય, છે મુજ વાણી રે. ૪
તો ભાગી જાશે કષ્ટ, નારી શાણી રે;
થાશે દુઃખ તારું નષ્ટ, છે મુજ વાણી રે. ૫
સત્યે થાશે તુજ કલ્યાણ, નારી શાણી રે;
એથી કરજે તું પિછાણ, છે મુજ વાણી રે. ૬
ઋષિ શાણા ને વિદ્વાન, નારી શાણી રે;
કરતા'તા સત્ય સન્માન, છે મુજ વાણી રે. ૭
નહિ વદતા'તા એ જૂઠ, નારી શાણી રે;
નો'તી અસત્યની કંઈ છૂટ, છે મુજ વાણી રે. ૮
જો કેદ હતું તે આપ, નારી શાણી રે;
અસત્ય છે ઝેરી સાપ, છે મુજ વાણી રે. ૯
ઋષિ આગળ ચાલ્યો ન ફંદ, નારી શાણી રે;
એમ વિનવે છે રાયચંદ, છે મુજ વાણી રે.૧૦

## ગરબી ૨૧ મી

## સત્ય વિષે-ગરબી ૩જી

(વર રે વિઠ્ઠલ કન્યા રાધિકા—એ રાગ)

સત્ય તણો જય છે સદા, નહીં દોષ લગાર;
સુખ દીસે છે સર્વદા, ગુણ ગણજો અપાર. સત્ય૦ ૧

જૂઠ તિહાં બહુ ધૂળ છે, ગણો જૂઠ ત્યાં માર;
એ તો બહુ દુઃખ મૂળ છે, મૂકો કરીને વિચાર. સત્ય૦ ૨

સત્ય વિશેષ ઉચ્ચારજો, જેથી મળશે સુખ;
દોષ ગણી બહુ ટાળજો, જૂઠ તણાં જે દુઃખ. સત્ય૦ ૩

હાનિ હજારો જૂઠથી, સુખહરણ ગણાય;
નિંદા થશે બહુ લોકમાં, જૂઠ નહિ વખણાય. સત્ય૦ ૪

પુણ્યવંતા શાણા જનો, ગુણી જનની કુમાર;
શાણી અને સુગુણી વધૂ, લેતી સુખ અપાર. સત્ય૦ ૫

સીતા અને દમયંતી જે, ગુણી દ્રૌપદી નાર;
બોલી સદા જો સત્યને, પામી માન અપાર. સત્ય૦ ૬

સહાય કરી પરમેશ્વરે, ધાર્યું સત્ય વિશેષ;
અસત્ય ન આગળ રાખિયું, કો દિન બેની લેશ. સત્ય૦ ૭

સીતા સતી વખણાય છે, તેમ દ્રૌપદી સાર;
દમયંતી વળી લેખજો, સત્યપાળક નાર. સત્ય૦ ૮

ધન્ય ! એને વદો તમે, જેણે પાળિયું સત્ય;
સ્મરી સદા જગદીશને, પામો એવી સુમત્ય. સત્ય૦ ૯

કરુણાસાગર બહુ રીઝશે, સત્ય પાળ્યાથી ઠીક;
જૂઠું બોલો કદી મુખથી, એ તો બહુ જ અઠીક. સત્ય૦ ૧૦

દુઃખ પડે બહુ આપને, પણ મૂકો ન સત્ય;
માનીને દુઃખ તો દિલથી, છોડી દેજો અસત્ય. સત્ય૦ ૧૧

જૂઠ જાણીને ધિક્કારજો, દઈને બહુ ફિટકાર;
સત્ય ઉપર તો કીજિયે, શાણી નારી પ્યાર. સત્ય૦ ૧૨

વિદ્યા ભણીને ભાવથી, કરો ઉરમાં વિચાર;
સત્ય વડું સમજો બહુ, કરો તેનો સ્વીકાર. સત્ય૦ ૧૩

સત્ય મનાવે સર્વમાં, ઊલટું અસત્ય જ હોય;
નરસું ગણી અસત્યને, નહીં રાખશો કોય. સત્ય૦ ૧૪

વખણાતા વિદ્વાન જે, પૂછો તેને જરૂર;
ભેદ મળે ભૂલ તો ટળે, આવે જ્ઞાનનું પૂર. સત્ય૦ ૧૫

'રાય'ની વિનતિ માનીને, બનો શાણી ઓ બેન,
તો તો જગદીશ્વર આપશે, સહુને સુખ ને ચેન. સત્ય૦ ૧૬

---

## ગરબી ૨૨ મી
## પરપુરુષ ત્યાગ વિષે

(જે કોઈ અંબિકાજી માતને આરાધશે રે લોલ—એ રાગ)

સુણ સજની વિચાર આણી ઉરમાં રે લોલ;
અવગુણ છે હજાર જારી ક્રૂરમાં રે લોલ. ૧

એ છે પાપનો પ્રપંચ દુઃખ આપતો રે લોલ;
આપ લે છે હરી ધન સુખ કાપતો રે લોલ. ૨

એમાં મોહ પામે જે નર નારીઓ રે લોલ;
તેહ નારને જાણવી જ ખારીઓ રે લોલ. ૩

બુદ્ધિભ્રષ્ટ જાણી એહને તજી દિયો રે લોલ;
સત્સંગ ગ્રહીને ઉરમાં લિયો રે લોલ. ૪

મતિ ભ્રષ્ટ થાય અંગ હીર એ હરે રે લોલ;
જેના સંગથી કુસંપ જોર આદરે રે લોલ. ૫

માટે પરપુરુષને ભાઈ લેખજો રે લોલ;
એથી મોટા પિતા સમ દેખજો રે લોલ. ૬

ડાહી નાર આપણે એવી લેખવી રે લોલ;
નિજ નાથ જાણે ઈશ સતી પેખવી રે લોલ. ૭

એહ નાર તણો ધર્મ કહું જાણીને રે લોલ;
સુખ પામશે જે સુણે હિત વાણીને રે લોલ. ૮

દાટ કૃષ્ણ-ગીતથી જેમ છે વળ્યો રે લોલ;
એથી વધી વ્યભિચાર ક્લેશ તો ભળ્યો રે લોલ. ૯

વ્યભિચાર તણો સંગ સહુ મૂકજો રે લોલ;
વદે 'રાય' વાણી, શાણી નહીં ચૂકજો રે લોલ. ૧૦

---

## ગરબી ૨૩ મી
## વ્યભિચારના દોષ વિષે

(મા પાવા તે ગઢથી ઊતર્યાં મા કાળી રે—એ રાગ)

સુણ સજ્જની તું અવગુણ જાણ, સારી ન નીતિ રે;
વ્યભિચારે દુઃખ પ્રમાણ, દુઃખની ભીતિ રે. ૧

જે રાવણ સરખો રાય, સારી ન નીતિ રે;
તે પામ્યો કષ્ટો કાય, દુઃખની ભીતિ રે. ૨

તેને સૂઝી મતિ જો ભ્રષ્ટ, સારી ન નીતિ રે;
તો તેહ થયો પદભ્રષ્ટ, દુઃખની ભીતિ રે. ૩

ક્રૂર કુસંપ કેરું કામ, સારી ન નીતિ રે;
એથી ચાલે છે જ તમામ, દુઃખની ભીતિ રે. ૪

કોણ સુખી થયો બતલાવ, સારી ન નીતિ રે;
એથી શો મળવાનો લ્હાવ ? દુઃખની ભીતિ રે. ૫

વારંવાર કહું છું મુખ, સારી ન નીતિ રે;
એથી કોણ પામ્યું છે સુખ ? દુઃખની ભીતિ રે. ૬

એ નઠારું લક્ષણ જાણ, સારી ન નીતિ રે;
એ તો મોટી દીસે મોકાણ, દુઃખની ભીતિ રે. ૭

એ તો આપ ગણો દુર્ગુણ, સારી ન નીતિ રે;
એથી કોને દીસે છે ગુણ ? દુઃખની ભીતિ રે. ૮

એથી વખોડો એવી નાર, સારી ન નીતિ રે;
એને ગણજો ખૂબ અસાર, દુઃખની ભીતિ રે. ૯

એથી ઊપજે મોટાં શૂળ, સારી ન નીતિ રે;
એથી ચગદાયાં બહુ કુળ, દુઃખની ભીતિ રે. ૧૦

નહિ ગણો સારી એ રીત, સારી ન નીતિ રે;
કોણ કરે એનાથી પ્રીત, દુઃખની ભીતિ રે. ૧૧

ભૂંડામાં ભૂંડું એહ, સારી ન નીતિ રે;
એથી બગડે છે દેહ, દુઃખની ભીતિ રે. ૧૨

એમ વીનવે છે રાયચંદ, સારી ન નીતિ રે;
તમે છોડો તેનો ફંદ, દુઃખની ભીતિ રે. ૧૩

# ભાગ ૪ થો

## ગરબી ૨૪ મી
## સદ્‌ગુણી સજ્જની વિષે

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

સજ્જની સારીનાં સુલક્ષણ સાંભળી,
તેવી થાવા કરજે રૂડાં કામ જો;
સદ્‌ગુણી થાવાનું જે કો ઇચ્છશે,
શાણી નારી જાણો તેનું નામ જો. સજ્જની૦ ૧

સંપીને પતિથી ચાલે છે સજ્જની,
ગણજે ઉરમાં ડાહી તેને એક જો.
પરપુરુષને ભ્રાત પિતા ગણી લિયે,
વળી કરી જાણે સારો જે વિવેક જો. સજ્જની૦ ૨

સુનીતિથી ચાલે તે તો સજ્જની,
અનીતિ કેરું ન મળે જેને કામ જો;
અસત્યને અળગું જેણે પ્રીતે કર્યું,
વળી તે તો નિત્ય ભજતી ભગવાન જો. સજ્જની૦ ૩

હિમ્મત કિમ્મત હર્ષે તે પિછાણતી,
આળસ ન મળે જેને કાંઈ અંગ જો;
વખત નકામો કો દી જાવા દે નહીં,
કીધો જેણે વહેમ તણો બહુ ભંગ જો. સજ્જની૦ ૪

રીતિ સારી પાળે તે પ્રીતિ કરી,
પતિનું ઇચ્છે પ્રેમે એ તો હિત જો;

તેના ઉપર કેમ ન ઈશ જ રીઝશે ?
સમરણ પ્રભુનું એ તો કરતી નિત્ય જો. સજ્જની૦ ૫
કીર્તિ જેણે સારી રીતે મેળવી,
વિદ્યાનો કીધો સારો ઉપયોગ જો,
સારાં કામ હમેશાં જેણે ધારિયાં,
સુખ વધે તેને તો બહેની યોગ્ય જો. સજ્જની૦ ૬
અમૂલ્ય વસ્ત્રો જેણે પહેર્યાં સ્નેહથી,
સદ્‌ગુણ કેરાં જે છે સર્વે બીજ જો;
દુર્ગુણ નાશ કર્યાં છે જેણે સર્વદા,
તેના ઉપર લાવે તે કોણ ખીજ જો. સજ્જની૦ ૭
ચોખ્ખાઈ ચંચળતા રાખે ચિત્તમાં,
સમજે તંદુરસ્તી રસ્તા ઠીક જો;
નીતિથી કામો સારાં જે આદરે,
કોણ જ કહેશે એને તો અઠીક જો. સજ્જની૦ ૮
વિવેકી ને ધીરજ ધરનારી ખરી,
વનિતા કેરા સમજે તે તો ધર્મ જો;
સમજીને તે રીતે તે તો વર્તતી,
નથી જેની પાસે કંઈ દુષ્કર્મ જો. સજ્જની૦ ૯
કેળવણી પામીને સારી રીતથી,
કેળવવા બીજીને તેમ જ ચહાય જો;
સૌને પોતા જેવી કરવા વાસતે,
માગે ઈશ્વર પાસે તે તો સહાય જો. સજ્જની૦ ૧૦
સારી રીતે ઉપદેશક એ તો થઈ,
સુધારશે સારી રીતે સમાજ જો;

અનીતિનો ઉપદેશ ન તે તો ઉચ્ચરે,
વદવું રાખી જેને નિત્યે લાજ જો. સજ્જની૦૧૧

દુર્જન નિંદાથી ડરતી તે તો નહિ,
સજ્જનમાંહી સહેજે તે વખણાય જો;
લક્ષ બધું જો સુનીતિમાં આવિયું,
સારી નારી તો તો તેહ ગણાય જો. સજ્જની૦૧૨

બીજીનું સારું કરવાને જે ચહે,
ઇચ્છે છે એ સહુને કલ્યાણ જો,
આળસ સાથે ક્લેશ જ જેણે આદર્યો,
ઉદ્યમનાં બહુ કરતી વખાણ જો. સજ્જની૦૧૩

સુધરેલી નારી તેને સ્નેહે કહો,
માને આજ્ઞા પતિ કેરી બહુ જેહ જો,
સાસુ-સસરાનું વળી વેણ જ પાળતી,
સુખી થનારી આખર કહું છું એહ જો. સજ્જની૦૧૪

ગુણગ્રાહક ને ડાહી એ તો છે ભલી,
કરવાં શાં ઝાઝાં એનાં જ વખાણ જો;
પરઘેરે ઝાઝું જાનારી એ નહીં,
સદ્‌ગુણ કેરી જાણું એ તો ખાણ જો. સજ્જની૦૧૫

સંગ કરે સારો જે શાણી બેનડી,
તેનો કરજો સંગ તમે સહુ નાર જો;
રાયચંદ વણિકની એવી વિનતિ,
એના ગુણનિધિ જાણું હું જ વિચારજો. સજ્જની૦૧૬

## ગરબી ૨૫ મી

## સદ્‌બોધ-શતક

(રાગ ધોળ)

વિશ્વપિતા વંદન કરું, જે છે જગનો કર્તાર;
મતિ સારી હરિ આપજે, જય જય વિશ્વાધાર. વિશ્વ૦ ૧

શિખામણ કારણ રચું, સજ્જની સુઉપદેશ;
ધારી લેજો ધ્યાનમાં, બુદ્ધિ મારી લેશ. વિશ્વ૦ ૨

કરવું કામ વિચારીને, જેથી સત્‌ફળ થાય;
કામ વિચાર્યાથી કર્યે, નુકસાન ન ક્યાંય. વિશ્વ૦ ૩

સંપી રહેવું સર્વથી, એ ગુણ રૂડો જાણ;
સંપી રહેવે ફાયદા, સંપ્યે સદ્‌વખાણ. વિશ્વ૦ ૪

સંપ્યાથી સુખ સર્વ છે, ગુણનિધિ ગુણવાન;
રાખતાં સંપને જે હશે, તે ખરાં સુખવાન. વિશ્વ૦ ૫

નીતિથી ચાલો સદા, એથી રીઝે ઈશ;
નીતિથી સુખ ઊપજે, નીતિ ગુણ ગણીશ. વિશ્વ૦ ૬

નીતિવંતા જે જનો, તે સજ્જન કહેવાય;
નીતિવંત કહું અરે ! જેથી સુકૃત થાય. વિશ્વ૦ ૭

મૂરખ તેને જાણવી, જે જાણે નહિ ગુણ;
અવગુણની કર્તા દીસે, તે તો હરામી લૂણ. વિશ્વ૦ ૮

મૂરખ મંડળને વિષે, હમેશ મળવા જાય;
વાતો પણ તેવી કરે, તે તો શઠ કહેવાય. વિશ્વ૦ ૯

વિપત્તિ સમયે વધુ, રાખે ધૈર્ય સુગુણ;
સજ્જની તેને જાણવી, જે જાણે બહુ ગુણ. વિશ્વ૦ ૧૦

સદ્‌વસ્તુ વહોરે નહીં, તેહ મતિની હીણ;
અનીતિવાળી એ બહુ, એથી બુદ્ધિ ક્ષીણ. વિશ્વ૦ ૧૧

હિમ્મત રાખી અંગમાં, કરવું કામ સુજાણ;
હિમ્મત ગુણ સારો ગણો, રૂડી હિમ્મતવાન. વિશ્વ૦ ૧૨

સત્ય જ રાખવું ઉરમાં, ગુણ ગણી ગુણવાન;
સત્ય તણો જય છે સદા, હે શાણી ! ધર ધ્યાન. વિશ્વ૦ ૧૩

કપટ કદી નવ કીજિયે, એહ દુઃખનું મૂલ;
ઔરંગજેબે કપટથી, ઊભાં કીધાં શૂળ. વિશ્વ૦ ૧૪

અંતે હાનિ પામિયો, ભય પામ્યો ભરપૂર;
કપટ સગું નહિ કોઈનું, કર તેને ચકચૂર. વિશ્વ૦ ૧૫

ઈશ્વરની ભક્તિ કરો, એહ સત્ય ઉપાય;
રચનારો જે સર્વનો, ધાર્યું તેહનું થાય. વિશ્વ૦ ૧૬

ખલક તણો સર્જનાર એ, તેને ભજિયે નિત્ય;
નીતિ સાથે પ્રીતિથી, રાખો રૂડી રીત. વિશ્વ૦ ૧૭

અપલક્ષણ અળગાં કરો, જો ચાહો નિજ હિત;
લક્ષણ સારાં ધારીને, મેળવજે સદ્ રીત. વિશ્વ૦ ૧૮

દેશ તણા હિતનું સદા, કરો પ્રયોજન આપ;
ધર્મ આપણો જાણીને, કષ્ટ દેશનાં કાપ. વિશ્વ૦ ૧૯

શક્તિ વણ નહિ આદરો, કોઈ વાર કો કામ;
ઘટતું કરશે કામ જે, તે સજ્જની ગુણધામ. વિશ્વ૦ ૨૦

સારા રસ્તા ઝાલવા, હંમેશ કરજો યત્ન;
કાચ તજો હિત ઇચ્છતાં, ગ્રહો ગુણનિધિ રત્ન. વિશ્વ૦ ૨૧

ઉદ્યમ અધિકો આદરો, એહ સુખનું મૂળ;
ઉદ્યમ વણ નહિ આશરો, ઉદ્યમ છે સુખકુલ. વિશ્વ૦ ૨૨

આગગાડી ને તાર એ, એથી નીપજ્યાં આપ;
ઉદ્યમ વણ નહિ નીપજે, માટે આળસ કાપ. વિશ્વ૦ ૨૩

મૂરખ મંડળને વિષે, જાશો ન કો દી કોઈ,
લેજો જ ઓળખી એહને, જ્ઞાને ચિત્ત પરોઈ. વિશ્વ૦ ૨૪

હામથી રૂડાં કામને, પાર પાડજો નાર;
હિમ્મત-કિમ્મત જાણજો, સમજી સારો સાર. વિશ્વ૦ ૨૫

વિદ્યામાં બહુ ફાયદા, જાણે નારી સર્વ;
ભણવું માટે નેહથી, પણ નવ ધારો ગર્વ. વિશ્વ૦ ૨૬

વિદ્યા રત્ન ગુણી બહુ, માટે ભણાવો બાળ;
વિદ્યાએ સુખ જાણજો, વિદ્યા ગુણ વિશાળ. વિશ્વ૦ ૨૭

ગર્વ કદી નવ ધારવો, એથી દુઃખ પમાય;
દુખિયા ગર્વથી તો થયા, પામ્યા કષ્ટો કાય. વિશ્વ૦ ૨૮

રાવણ સમ માર્યો ગયો, ગર્વ કર્યાથી બાઈ;
રાજ તજી ચાલ્યો ગયો, સત્ફળ મળ્યું ન કાંઈ. વિશ્વ૦ ૨૯

ઉપાય ઘટતા આદરો, દેશહિતને કામ;
દેશનું હિત ન ધારશે, તે મૂરખનું નામ. વિશ્વ૦ ૩૦

દેશ તણી સેવા કરો, ધરો પ્રીતિ ને ભાવ;
મમતા આણી નેહથી, લહો એટલો લ્હાવ. વિશ્વ૦ ૩૧

પુરુષ પરને સૌ તજો, એથી અધિકાં દુઃખ;
નામ તે શ્રેષ્ઠ નાસી જશે, નાસી જાશે સુખ. વિશ્વ૦ ૩૨

પુરુષ પર એ નર્કની, જાણો ખાણ જરૂર;
એવા ક્ષણિક સુખમાં, કેમ બનો ચકચૂર. વિશ્વ૦ ૩૩

નીતિથી ધન મેળવો, એ સજ્જનીનું નામ;
રાખવું સત્ય તો સર્વદા, તો જ ખરા એ દામ. વિશ્વ૦ ૩૪

જ્ઞાની થઈ અજ્ઞાનીને, મળતો હોય મિજાજ;
કહો ગુણી એ ક્યાં સુધી, ચાલે એવું જહાજ. વિશ્વ૦ ૩૫

નીતિ રાખ્યે ચાલશે, નામ આપનું ઠીક;
નીતિથી નિત્ય વર્તવું, રાખી પ્રભુની બીક. વિશ્વ૦ ૩૬

ભણીગણી નાસ્તિક બને, એવા મૂરખા છે જ;
આખર ફળ એનાં મળે, કષ્ટ પામશે તે જ. વિશ્વ૦ ૩૭

કરવું તેવું પામવું, કહેવત જાણો સત્ય;
પાપ કરે તેને મળે, ફળ જેવું હો કૃત્ય. વિશ્વ૦ ૩૮

હસવું નહિ ઝાઝું કદી, હે સજ્જની ! મુજ બેન;
હસવાથી કિમ્મત ઘટે, એહ દુઃખરૂપ ચેન. વિશ્વ૦ ૩૯

ગર્વ નહીં ઉર આણતાં, બની કો દી શ્રીમંત;
કો દિન આવશે નાર ઓ ! એહ લક્ષ્મીનો અંત. વિશ્વ૦ ૪૦

રાખવી તો દયા દિલમાં, હે શાણી ગુણવાન;
'દયા જ ધર્મનું મૂળ છે,' કહેવત સત્ય પ્રમાણ. વિશ્વ૦ ૪૧

નિષ્ઠા રાખો ધર્મમાં, કરો નીતિનાં કામ;
ગ્રંથ વધારો ગુણી બહુ, ધરી હૈયામાં હામ. વિશ્વ૦ ૪૨

વિષ પીનારી છે ઘણી, અમૃત છાંડી આજ;
ખોટાં ખર્ચ કરીશ નહિ, કરી લેજે સુકાજ. વિશ્વ૦ ૪૩

ભરે કપટના જે ઘડા, તે લુચ્ચાની મિત્ર;
પરમેશ્વરની ચોરણ છે, ચાળા ચિત્રવિચિત્ર. વિશ્વ૦ ૪૪

બુદ્ધિહીન બનવું નહિ, ગ્રહી લેવો સદ્‌બોધ;
સજ્જનીનું એ કામ છે, કરવો નીતિનો શોધ. વિશ્વ૦ ૪૫

શાહુકારની મેડીઓ, દેખી મૂર્ખ ગમાર,
પાડે છે નિજ ઝૂંપડાં, વાહ ! વાહ ! વિચાર. વિશ્વ૦ ૪૬

હાર્યા રહેવાથી અરે, વાર્યા રહેવું ઠીક;
લૂંટાણા પછી શી રહે, ચોર તણી રે બીક ? વિશ્વ૦ ૪૭

જૂઠું બોલે છે ઘણી, સમજી તેમાં ધર્મ,
ઉચ્ચરતાં ગપ કો દિને, નથી આણતાં શર્મ. વિશ્વ૦ ૪૮

ક્ષમા ગુણ સારો બહુ, ધારો હૈયામાંય;
ઈશ્વર રાજી બહુ થશે, એથી સુખ પમાય. વિશ્વ૦ ૪૯

વિવેક રાખી વર્તજો, ગુણ તણી થઈ જાણ,
ગરીબ જનોને આપજો, રૂડી રીતે માન. વિશ્વ૦ ૫૦

સવળાનું અવળું કરે, એવી મૂર્ખ હજાર;
તે સમ થાવું નહિ કદી, ઘટશે એથી જ [૧]કાર. વિશ્વ૦ ૫૧

વિરલી વિવેકી થઈ, જે શાણી ગુણવાન;
કષ્ટ સમે ધીરજ ધરે, તેથી થાય વખાણ. વિશ્વ૦ ૫૨

---

૧. નિશ્ચય, આબરૂ, આજ્ઞા

વિચાર આગળ પાછલો, રાખો સારી સાન,
ભણીગણી શાણી બનો, વળી બનો ગુણવાન. વિશ્વ૰ ૫૩

દુઃખમાં હર્ષિત રહો તમે. સુખ માંહી પણ તેમ.
ઈશ્વર સહાય માગજો, મારો બોધ છે એમ. વિશ્વ૰ ૫૪

સૃષ્ટિ તણા સર્જનારનું, કરજો નિત્ય સ્મરણ;
જે જગદીશ્વર છે વડો, કષ્ટ કેરો હરણ. વિશ્વ૰ ૫૫

પુણ્ય કરો ડાહી થઈ, નહિ દર્શાવો ડોળ;
ક્રોધી ઝાઝી નહિ થજો, નારી રાતી ચોળ. વિશ્વ૰ ૫૬

નમ્ર સ્વભાવ રાખો સદા, એ જ ખરું છે જ્ઞાન;
સદ્‌ગુણ સારો એ વિષે, વખાણું ગુણવાન. વિશ્વ૰ ૫૭

વિનય વિષે હું શું કહું, એ તો ગુણ અમૂલ્ય;
નથી ગુણ બીજો અરે, નારી એની તુલ્ય. વિશ્વ૰ ૫૮

જીભ જુઓ નરમાશથી, રહી છે વચ્ચે દાંત;
ક્રોધ કરે જો કારમી, માર ખાય ધરી ખાંત. વિશ્વ૰ ૫૯

માટે સર્વે ધારજો, વડો વિનયનો ગુણ;
સદ્‌ગુણ શોધક બહુ જનો, કાઢીને દુર્ગુણ. વિશ્વ૰ ૬૦

ખરી ખાંતથી આદરો, કામ રૂડેરું કોઈ;
વિનય વધારો તે વિષે, એની કિમ્મત જોઈ. વિશ્વ૰ ૬૧

જે કરવું તે નિયમથી, વિચારોને આપ;
થાશે કે નહિ થાય એ, તેનો લહો જવાપ. વિશ્વ૰ ૬૨

બોધ દિયે વિદ્વાન કો, ધરવો તે તો કર્ણ;
બળિયા સાથે નહિ વઢો, જાજો તેને શર્ણ. વિશ્વ૰ ૬૩

પંડિત વાત વખાણિયે, જેથી સુખ પમાય;
ઔષધ ઉપદેશ એ ખરું, કટુ જે શુભ ગણાય. વિશ્વ૦ ૬૪

સજ્જની રત્ન સમાન છે, મણિ પારસ છે એહ;
લોઢું કાંચન થાય છે, તે તો જાણો તેહ. વિશ્વ૦ ૬૫

સજ્જનીની પાસે વસ્યે, વળી લેવાથી ગુણ;
સંગત ફળ મળશે બહુ, નથી એથી અવગુણ. વિશ્વ૦ ૬૬

મૂરખથી ડરજો સદા, નહિ સાંભળજો વાત;
વાત નઠારી એહની, એથી દુઃખ દિનરાત. વિશ્વ૦ ૬૭

કાચ સમાનિક મૂર્ખ છે, જાણી લહો જરૂર;
[1]પન્નગથી પણ લેખજો, મૂરખ નારી જ ક્રૂર. વિશ્વ૦ ૬૮

સંગત સારી કીજિયે, એથી ગુણ બહુ થાય;
સજ્જની સંગતથી મળે, નીતિ સુબોધો બાઈ. વિશ્વ૦ ૬૯

ગંગા સમાન સુસંગ છે, ખરું દઉં છું ચિત્ર;
સુમિત્ર સુખ શું વર્ણવું ? કળા પરમ પવિત્ર. વિશ્વ૦ ૭૦

મૂરખની મિત્રાઈથી, નક્કી છે નુકસાન;
સુખ ન જાણો સજ્જની, એથી ખોશો ભાન. વિશ્વ૦ ૭૧

મૂરખ કુબોધ બોધશે, નીતિનો કરી ભંગ;
માટે તેનો નાર, ઓ ! કદી ન કરજો સંગ. વિશ્વ૦ ૭૨

જુસ્સો આવ્યે જાળવી, કરી વિચારો નેક;
સારું કરવાની સદા, રાખો સારી ટેક. વિશ્વ૦ ૭૩

---

૧ સર્પ

જુગાર રમશો નહિ કદી, જુગારથી નહિ સંપ;
પાંડુપુત્ર દ્યૂતને રમ્યા, નહિ પામ્યા કદી જંપ. વિશ્વ૦ ૭૪

કષ્ટ વધારે આવિયું, કૌરવ પામ્યા મર્ણ;
નષ્ટ કર્યા વણ એહને, ગયા ન પાંડવ શર્ણ. વિશ્વ૦ ૭૫

કૌરવ પાંડવ તો મૂઆ, મૂઆ વળી બળવાન;
નળરાયે દુઃખ ભોગવ્યું, શું એ છે ગુણવાન ? વિશ્વ૦ ૭૬

મોટા મોટા મહીપતિ, ચાલી ગયા છે ધીર;
રાજાધિરાજા તે હતા, હતા મહા શૂરવીર. વિશ્વ૦ ૭૭

કાળ સહુને લઈ ગયો, આણી દયા નહિ ઉર;
તેજસ્વી પણ ચાલિયા, પૈસા નાસ્યા દૂર. વિશ્વ૦ ૭૮

શાણા સજ્જન ચાલિયા, ચાલ્યા રંક ને રાય;
આગળ પાછળ એ ગયા, નહિ એનો ઉપાય. વિશ્વ૦ ૭૯

કાળ ગતિ તો મોટી છે, નહિ એને દરકાર;
આવ્યે ઘડી નહિ મૂકશે, માટે કરો વિચાર. વિશ્વ૦ ૮૦

તર્કટ કરશે કો કદી, આપે તેવો લાભ;
પુણ્ય કરે તો તેમને, મળશે સત્‌ધર્મ આભ. વિશ્વ૦ ૮૧

માટે કરી વિચારને, ભજ ભાવે ભગવાન;
પળ નહિ એ તો ચૂકશે, સમજી લે જ હેવાન. વિશ્વ૦ ૮૨

જેણે રચિયું વિશ્વને, જેણે સરજ્યું સર્વ;
ભજ તેને પ્રીતે કરી, ટાળી દેહનો ગર્વ. વિશ્વ૦ ૮૩

સૂઝ ઘડીની પડે નહિ, તેનો નહિ જ વિચાર;
છતાં મુદત ઝાઝી તણો, ક્યાંથી આવે કાર. વિશ્વ૦ ૮૪

મૂઢ મતિ નહિ રાખજે, સુણીને શિક્ષા કાન;
સુનીતિ સજજે સદા, લેજે સારું જ્ઞાન. વિશ્વ૦ ૮૫

નવરી બેસી રહીશ નહિ, કારણ વખત અમૂલ્ય;
સોનું પણ નહિ આવશે, કો દી એની તુલ્ય. વિશ્વ૦ ૮૬

જ્ઞાન તણા શોધી લહો, મારગ સારા ઠીક;
નીચ કર્મ કરતાં બહુ, રાખો ઈશ્વર-બીક. વિશ્વ૦ ૮૭

સજ્જનીના પગ પૂજજે, એથી થાશે ઠીક;
મૂળ અનીતિનાં વાઢશે, કાઢી બુદ્ધિ અઠીક. વિશ્વ૦ ૮૮

નાથ કેરી સેવા સજો, એ તીરથનું સ્થાન;
મોહિત થાવું ન મૂરખી, બહુ થાજે ગુણવાન. વિશ્વ૦ ૮૯

હમેશ નમજે નાથને, વળી જેઠને તેમ;
પુણ્ય જ કરજે પ્રેમથી, પૂજ્ય પૂજ્ય ગણ એમ. વિશ્વ૦ ૯૦

કરીને વિચાર તું વિગતે, કરજે સારાં કામ;
કીર્તિ મૂકી અહીં જજે, ખર્ચ સુઠામે દામ. વિશ્વ૦ ૯૧

નાણું ચપળ જ જાણજે, કહી ગયા કોવિદ;
શઠ બની ‘મારું’ નહિ કરો, તંત સજો છો શીદ ? વિશ્વ૦ ૯૨

પરમારથ કરવા સદા, ધારો ઉર ઉમંગ;
ઈશ્વર-પ્રીતિ મેળવો, કરો સદા સત્સંગ. વિશ્વ૦ ૯૩

સાર સુબોધ લેવા તમે, કરો શુભ ઉપાય;
તો સારું તારું થશે, હાનિ નહિ કંઈ થાય. વિશ્વ૦ ૯૪

વાંચન વ્યસન વધારજે, રાખી [1]લીલું જ્ઞાન;
વાંચ્યાથી કહું છું થશે, ડાહી તું વિદ્વાન. વિશ્વ૦ ૯૫

નીતિ-સુબોધક આ લખું, વાંચી લેજો એહ;
સુબોધ શોધી કાઢજો, સારું ગણજો તેહ. વિશ્વ૦ ૯૬

વિનંતિ હિતકારી આ, વાંચી લેજો નિત્ય;
સુખી થાશો સજ્જની, રાખો સારી રીત. વિશ્વ૦ ૯૭

કેળવણી પામી રૂડી, કરો નીતિ વિચાર;
કેળવણીમાં ફાયદા, દીસે અપરંપાર. વિશ્વ૦ ૯૮

લક્ષણ સારાં રાખીને, કરો રૂડેરાં કામ;
સજ્જનમાં વખણાઓ તો, તો જ સજ્જની નામ. વિશ્વ૦ ૯૯

(કવિત)

વવાણિયાવાસી વળી, વણિક જ્ઞાતિ વિચારો,
વિશેષ વિનંતિ વદી, પ્રણમું છું પ્રેમથી;
ભૂલચૂક ક્ષમા કરો, બુદ્ધિવાન નહિ બહુ,
કર્યું કામ પ્રીત થકી, પરમેશ રે'મથી;
વિબુધ વડેરો નહિ, કવીશ્વર આપ નહિ,
કાવ્ય કર્યું લેશ બુદ્ધિ, સુંદર છે હેમથી;
સજ્જની, સુબોધ ગ્રહો, રાયચંદ હેતે કહે,
ભજો પરમેશ, સુખી થાશો એવા નેમથી. ૧૦૦

**(સ્ત્રીનીતિબોધક સમાપ્ત)**

---

૧. પ્રમાદ અને અહંકારથી જ્ઞાન સુકાઈ જાય છે, શુષ્ક જ્ઞાન ગણાય છે. વિનય અને ભક્તિના રસસિંચનથી જ્ઞાનનાં મૂળ હૃદયમાં ઊંડા ઊતરે છે અને જ્ઞાન લીલું રહે છે.

## ૫૩

# હનુમાન સ્તુતિ

(હરિગીત)

સમરું સદા સમરણ કરીને, શાંતતા મનમાં ધરી,
ધરું ધ્યાન આઠે જામ ને, પરણામ પ્રેમેથી કરી;
તુજ સા'યથી મુજ કામ થાશે, હામ પૂરો મન તણી,
મહાવીર શ્રી હનુમાન, તમને વંદના મારી ઘણી. ૧

શ્રી રામ કેરાં કામ કીધાં, નામ રાખ્યું જગતમાં,
સમરણ કરી જગનાથનું, પ્રથમે પૂજાણા ભગતમાં;
અતિ હેતથી આશિષ પામ્યા, બોલતાં જય રામની,
મહાવીર શ્રી હનુમાન, તમને વંદના મારી ઘણી. ૨

મંગળકરણ મતિવાન થઈ, પ્રેમે કરી પ્રખ્યાત છો,
સંસારતારણ, કર્મમારણ, ભક્ત કેરા ભ્રાત છો;
વિશ્વાસથી આશા પૂરો છો, સર્વ જનના મનતણી,
મહાવીર શ્રી હનુમાન, તમને વંદના મારી ઘણી. ૩

સીતા સતીને લાવિયા, નીતિનિયમમાં મન ધર્યું,
જગમાંહી કહેવાણા જતિ, એ ઠીક કારણ શોધિયું;
આ રાયચંદ વણિક વીનવે, હ્રદયથી હર્ષિત બની,
મહાવીર શ્રી હનુમાન, તમને વંદના મારી ઘણી. ૪

(દોહરો)

હેત ધરી હનુમાનજી, સમરું છું સુખકાર;
આશા અંતરની કરો, પૂરણ ભક્તાધાર.

(કવિત)

હામ ધરી હનુમંત પ્રેમે પરણામ કરું,
તોડો મારા તંત એવી પૂરણ છે વિનતિ;

રામ તણાં કામ કર્યાં, કરો છો ભગત-કામ,
જગત પૂજે છે વારંવાર માગી સુમતિ;
નિશદિન રટણ કરું છું, આપ નામ તણું,
માગું છું હું અલ્પમતિ આશા પૂરો હેતથી;
ચરણકમળતણી કરું નિત્ય નિત્ય પૂજા,
દુ:ખ ટાળનાર સ્વામી આપની ગતિ છતી.

(કાર્તિક, ૧૯૪૧)

---

## મોરબી ઉપાશ્રય શ્રાવણ વદ ૧, બુધ ૧૯૪૧ના રોજ કરેલ અવધાન પ્રસંગના કાવ્યો

(ભુજંગી) અરે કામ સારાં કરો સૌખ્યકારી,
થશે તેહથી નિત્ય આનંદ ભારી;
ઊઠી પ્રાતઃકાળે જપો જાપમાળા,
ભલે ભાવથી જૈ ભણો જૈનશાળા.

### કવિતાને હિમ્મત

(ભુજંગી) ભલી કાં નિસાસા ધરે તું કવિતા ?
પડી શોકમાં કેમ તું કાવ્યગીતા ?
હવે જો મને જોડતાં હર્ષ દેજે,
કૃપા તું કરી મુજ સંભાળ લેજે.

### ચાર મદ

(હરિગીત)

ધનમદ ધરી ધરતી ઉપર પણ, પગ કદી નથીં આપતો;
યૌવન તણા મદથી છકી જઈ, શાંતતા નથીં સ્થાપતો;
વિદ્યા તણા મદથી કરી કાં થાય પ્રેમી પાપનો;
તજ રાજમદ હેવાન, નિત અમલ ન કોઈના બાપનો.

## દોલત

(ત્રિભંગી)

દૈવત દુનિયાનું, જે નથી છાનું, નાણું નાનું કોણ કહે ?
મહિમા મહિમાળી કમળા ભાળી, રૂપ રઢિયાળી, સર્વ ચહે;
શાણા, શ્રીમંતો, શઠ, ધીમંતો, સૌ જીવ જંતો, એમ લહે,
હા, હા, બલિહારી, લક્ષ્મી તારી, અરે ! વિચારી, રાય કહે.

## તૃષ્ણા

(ઇન્દ્રવજ્રા)

પાંચ મળે પચવીશ ચહે, પચવીશ મળે વધવા તણી આશા;
વ્યાજ સમાન સદા વધતી, ઘટતી નથી; રે ! મન, દેખ તમાશા;
એ તૃષ્ણા તજીએ દિલથી; નહિ તો પડવા નથી ધર્મ સુપાસા;
'રાય' વણિક ભલા જન ભાવિક એમ કહે ઉપદેશક ખાસા.

## મોટાઈ

(ઉપેન્દ્રવજ્રા) કાયા જતાં વેણ કદી ન જાશે,
પૃથ્વી પ્રમાણે ક્ષમતા ધરાશે;
ગાંભીર્યતા ગુણની પૂતનીતિ,
મોટાઈની એ જ હમેશ રીતિ.

## કોરો કાગળ

(છપ્પય) કોરો કાગળ આમ વદે છે આગળ આવી,
દઈ નિજનું દૃષ્ટાંત કહે છે, કથા બનાવી;
અહો ! ચીંથરા ચીજ થકી, ઉત્પત્તિ મારી,
મેળવણીથી આમ થઈ છે, અધિક સુંવાળી.
જો ધારો ધર નીચી થકી ઊંચી પદવી પામવા;
તો દેજો મુજ સમ સર્વદા, સદ્ગુણ મેળવણી થવા.

## નિંદક

(મનહર)

મતિના મંડિત મહા, પંડિતને પાપી કહે,
સોદા કહે સાધુઓને, અદેખા સ્વભાવથી;
ભલાઓને ભાખે એ તો, પેખજો પ્રપંચી પૂરા,
ગંભીરને દાખે દંભી, કેવળ કુભાવથી;
એવા નિંદાનિપુણને, પ્રભુ પણ પોં'ચે નહીં,
પૃથવી ભરાય અરે, પાપે જેના પાદથી;
વદે 'રાય' એને યોગ્ય શિર દઉં શિરપાવ,
પચીશ પેંજાર[1] ગણી, વિના દ્વેષભાવથી.

## ત્રણ દરવાજા

(દોહરા)

ત્રણ દરવાજા ત્યાં કરી, કરી સૂચના આમ;
સ્વર્ગ, નરક ને મોક્ષ છે, જવા મનુષ્ય ત્રણ ઠામ.

## તંબુ

નમૂનો હવા મહેલનો લાયક અને લલિત;
નહિ ખામી કે ખોંચ, શું—મયદાનવ—વિરચિત.
એ કારણ તંબુ કર્યા, ઘર ન વિચારી કીધ;
અસ્થિર કાજે ઘર કશાં ! ખરું જગતમાં સિદ્ધ.

## પુનઃ

પશુ, પંખી ને છોડ કંઈ, હવે રહેલાં આંહી;
વર્ણવીને પૂરું કર્યું, વર્ણન આ ચિત્ત માંહી.
દેખો કાંદા ડુંગળી, વાવણીંગ વાલોર;
રાખ્યાં એ બાકી નથી, આણ્યાં સૌથી મોર.

---

૧. જોડા.

(ઝૂલણા)

ભેંસ ભાં ભાં કરે, અશ્વ જ્યાં હણહણે, કૂકડા શબ્દ કૂકૂ કરે છે;
ઉંદરો તેમ ચૂંચૂં કરે ને વળી મીંદડાં મ્યાઉં મ્યાઉં કરે છે.
ભૌ ભૌ કરે કૂતરા મુખથી ત્યાં અને ગાય ત્યાં ગાંગરી જે રહે છે;
ઠાઠ આ જોઈને માનવી સર્વ તે દિંગ દિલે થઈને રહે છે.

---

## દાર્ષ્ટાંતિક દોહરા

વણ વાપરતાં વિદ્વતા, ઝટપટ ઝાંખી થાય;
કાટ ચડે કરવાલને, જો પડતર રહી જાય. ૧

અલ્પ શક્તિના યોગથી, મહદ્ કાર્ય નવ થાય;
કોટ તૂટે ન ફટાકિયે, કારણ હીન ઉપાય. ૨

પૂર્ણ પ્રયોજન શક્તિથી, મહદ્ કાર્ય ઝટ થાય;
મહા કોટ પણ કારમો, તોપે તૂટ્યો જાય. ૩

મોટાની મોટાઈનો, પાર નવિ ય પમાય;
સાગર તણા સલિલનો, તોલ કદી ન કરાય. ૪

આમ અવનિનો કાયદો, ઘર ફૂટ્યે ઘર જાય,
રાજ ગયું પૃથ્વીરાજનું, ફૂટ્યે હાહુલીરાય. ૫

કામિની કરતાં કાવ્યનું, ઉત્તમપણું અપાર;
હાડમાંસની માનિની, કાવ્ય સુધા સુખકાર. ૬

પડતી વેળા પ્રથમથી, દરેક ફરશે દાવ;
મહારોગ ઉત્પન્ન થતાં, પ્રથમ પ્રગટશે તાવ. ૭

પડતી સમયે પંડને, ઊગે અવળી વાત;
હરણ થયાં મૃગમોહથી, સતી સીતા સુખઘાત. ૮

પરમ આશાથી પ્રેરણા અવળ કળાય ન કાંઈ;
જીત હારની જુક્તિ સૌ, પાસા આશા માંહી. ૯

ભાષણ ભાખે ભલભલાં, તકે કરે નવ તેમ;
પોથી કેરાં રીંગણાં, ગણે વિપ્રજી જેમ. ૧૦

ડાહ્યો દુશ્મન ઠીક પણ, મૂરખ મિત્ર નહિ ઠીક;
દાનો નિર્ધન ઠીક પણ, કંજૂસ ધની અઠીક. ૧૧

કાળા કર્મે વિશ્વમાં, રહે રોજ કાળાશ;
શશિ ગૌતમના શાપથી, પામ્યો રોગ વિનાશ. ૧૨

વિનાશ વખતે વેગથી, મતિ ફેરવે કાળ;
દ્યૂત રમ્યા ડાહ્યા થઈ ધર્મરાજ મહિપાળ. ૧૩

શાણો શત્રુ સમજશે, કરે દયા પણ કાંઈ;
રામે રાવણ મારતાં, કરી વિષ્ટિ ચતુરાઈ. ૧૪

સજ્જન ગુણનો સર્વદા, દે બદલો સુખદાત;
દૃઢ પ્રેમે પૂજાય છે, હનુમાન હરિ સાથ. ૧૫

ઊંડા તર્ક વિના અતિ, બિગડે કામ બનેલ;
પાયા વણનો ઝટ પડે, પ્રૌઢ અમૂલ્ય મહેલ. ૧૬

જબરા કેરા જંગમાં, નિર્બળ પામે નાશ,
મહિષે મહિષ લઢે તહાં, વચ્ચે વૃક્ષ-વિનાશ. ૧૭

રૂડા મિત્ર રાખે નહીં, સબલ-અબલનો ભેદ;
સત્ય સુદામા-કૃષ્ણનો, પૂરણ પ્રેમ અભેદ્ય. ૧૮

સત્ય પ્રેમની સર્વદા, ખૂબી પુનિત ખચીત;
લોહ મોહ પામે પૂરો ચુંબક દેખી ચિત્ત. ૧૯

સત્કવિના શુભ ગ્રંથથી, ગંડુ થાય ગુણવાન;
પંચતંત્રથી પંડિતે, મૂર્ખ કર્યા મતિમાન. ૨૦

ઓગસ્ટ, ૧૮૮૫ (વિજ્ઞાનવિલાસ)

# ૫૯

## સ્વદેશીઓને વિનંતિ

(નારાચ છંદ)

સુણો સ્વદેશી ભ્રાત વાત આ વિચારજો ખરી,
તમારી હિતકારી સારી, રાખજો ઉરે ધરી;
વિશેષ આણજો દિલે, સુહર્ષ આણીને તમે,
કરો સુજાણ દેશહિત હેત રાખી આ સમે. ૧

કુબાળલગ્ન દુઃખકારી, તેહ અંત લાવજો,
સદાય શોકકારી છે જ, તેહને મુકાવજો;
પિડાય બાળકો બહુ જ ટાળી દુઃખ જે ખમે,
કરો સુજાણ દેશહિત, હેત રાખી આ સમે. ૨

વહેમ જાળમાં ફસાઈ ગયેલ જેહ આર્ય છે,
કરો તમે જરૂર મુક્ત, એ ઘણું સુકાર્ય છે;
કરેલ હુમલો બહુ જ તેહ વાળજો તમે,
કરો સુજાણ દેશહિત, હેત રાખી આ સમે. ૩

બિચારી વિધવા બહુ દુઃખો ખમે કુચાલથી,
કરો સુચાલ સંપીને, સુજાણના વિચારથી;
ઉપાય શુભ કામના, કરો સુઆર્ય, હે તમે,
કરો સુજાણ દેશહિત, હેત રાખી આ સમે. ૪

અનીતિને વિશેષ દુઃખ રીસથી તમે દિયો,
કુચાલ કાઢી ક્રોધ ઝેર જ્ઞાન ગુણને લિયો;
ભણાવી કન્યકા બહુ, સુધારજો પ્રીતે તમે,
કરો સુજાણ દેશહિત હેત રાખી આ સમે. ૫

અબુધ આર્ય જે દીસે, સુબોધ આપી તેહને,
કુસંપ કાઢીને કહો, કરો સ્વદેશ-હિતને;

સભા કરી અધિક ભાષણો વદો મુખે તમે,
કરો સુજાણ દેશહિત, હેત રાખી આ સમે. ૬

સુગ્રંથને વધારવા, દિયો ઇનામ આર્યને,
કળા બહુ વધે સ્વદેશમાં કરો ઉપાયને;
અહિતકારી બહુ નઠારી વાત મૂકજો તમે,
કરો સુજાણ દેશહિત હેત રાખી આ સમે. ૭

સુસંપ રાખજો સહુ, કુસંપ કાઢીને પરો,
કુચાલ દુષ્ટ ચાલને, વિશેષ દૂર સૌ કરો;
હણાવી હાનિને કરો, સુકામ દેશીઓ તમે,
કરો સુજાણ દેશહિત, હેત રાખી આ સમે. ૮

ઓક્ટોબર ૧૮૮૫ (સં. ૧૯૪૧) (સૌરાષ્ટ્ર દર્પણ)

---

## શ્રીમંત જનોને શિખામણ

(દોહરા)

શાણા શ્રીમંત આપને કરું વિનંતિ આજ;
જર ખર્ચીને હિતમાં, કરો આપ શુભ કાજ. ૧

ઉત્તેજન આપો બહુ કારીગરને સાર;
હુન્નર વધવા દેશમાં, નાણું ખર્ચી યાર. ૨

શાળા વૈદ્ય તણી બહુ કરજો ગામે ગામ;
દરદીને ઓસડ દિયો, ધરી વધારે હામ. ૩

કન્યાઓને વાસતે, કરો સ્કૂલ શ્રીમંત;
દુઃખ એહનાં કાપવા ધરો સર્વે ખંત. ૪

પુનર્લગ્ન થવા કરો, ઠામે ઠામ પ્રયત્ન;
ગ્રંથ રચાવા કારણે, કરજો મોટા યત્ન. ૫

લાભ લિયે સુગ્રંથનો, કરો ઉપાયો એમ;
સુધરે જો દેશી જનો, બહુ સુખ વધશે તેમ. ૬
પરમારથને કારણે વિત્ત વાપરો આપ;
ગુણી બની ગુણવંત જન, કાપો દુઃખ સંતાપ. ૭
લૂલાં ને બહુ પાંગળાં, વેઠે દુઃખો અંગ;
સુખો આપવા કારણે, કરો લોભનો ભંગ. ૮
નિંદી નઠારી ચાલને, સુચાલ લાવો સાર;
નાણું ખરચી નેહથી કરી સદા શુભ ચાલ. ૯
દેશતણું થાવા ભલું, નાખો મિત્રો દામ;
ઈશ રીઝશે તો બહુ, સરશે સર્વે કામ. ૧૦

ઓકટોબર, ૧૮૮૫ સં. ૧૯૪૧ (સૌરાષ્ટ્ર દર્પણ)

---

## હુન્નરકળા વધારવા વિષે

(સવૈયા એકત્રીસા)

સ્વદેશ સુધારક રૂડા ભ્રાતા, કરું વિનંતિ એક હું આજ;
તે ઉરમાંહી આપ ધરીને, કરો દેશ માંહી શુભ કાજ;
સારા સારા હુન્નરો લાવો, નાણું ખરચો એવે કામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૧

હુન્નર કળા જો વધે દેશમાં, તો તો ચડતી ઝટપટ થાય,
પડતી ચડતીને દેખીને, તરત મિત્ર, તો દૂર પલાય;
હુન્નર માંહે અનેક ફાયદા, માટે કરજો સર્વે ઠામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૨

ભરતભૂમિનો અસ્ત થયેલો, જે દેખાયે સૂરજ યાર,
તરત તેહનો ઉદય પામશે, કળા થકી તો પ્રિય નિરધાર;

કરવાથી સુધારો સારો, જાણો એ તો સારું કામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૩

સહાય કરો હુન્નરકારોને, ઉમંગ લાવી ઉરમાં સાર,
તો તો થાશે દેશહિત બહુ, કરી જોજો મનમાંહી વિચાર;
શુભ વાત જાણીને મિત્રો, કરજો એ તો સારું કામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૪

હુન્નર દેશ તણા જ સારા, કરો સુધારો તેમાં તેમ,
આર્ય ઉદય તો મોટો થાયે, જો બનશે મુજ ભ્રાતા એમ;
સર્વ સુધરી કરો સુધારો, સંપ સંપીને સર્વે ઠામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૫

હાલ હુન્નર કળા ભારતનાં, નિર્બળતાને પામ્યાં યાર,
દેશસુધારો કરવા સારો, હોંશ ધરો હૈયામાં સાર;
થતી હાનિ અટકાવવી બંધુ, સમજો આપ તણું એ કામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૬

આગળ હાલત કેવી હિંદની, હાલ ઊલટી એથી હોય,
આળસ છોડી ઉદ્યમ કરતાં, મેળવી શકશો તે સૌ કોય;
હુન્નરને ઉત્તેજન આપો ધરીને હૈયે રૂડી હામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૭

આગળ જેવી સ્થિતિ થાવા, કરજો વેગે તમે પ્રયત્ન,
પડતીને ઉડાડી દઈને, ચડતી થાવા કરજો યત્ન;
હુન્નર કળા વધારો ભારે, સમજીને એ તો શુભ કામ,
ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ. ૮

નવેમ્બર ૧૮૮૫ (સં. ૧૯૪૧) (સૌરાષ્ટ્ર દર્પણ)

## મોરબીમાં સં.૧૯૪૧-૪૨ માં કરેલ
# અવધાન પ્રસંગના કાવ્યો

### સાગરને ફીણ કેમ વળે છે ?

(તોટક)

અતિ રોગ થયો ગણ સાગરને,
ઝટ શોધ હકીમ સુનાગરને;
મુખ ફીણ વળે, નહિ સુખ મળે,
ગણ રોગ છટા વદને નીકળે.

### ચોપાટનો તિરસ્કાર

(ભુજંગી)

કર્યું રાજ્ય તેં ધર્મનું ધૂળધાણી,
વળી ફેરવ્યું કૌરવો શિર પાણી;
તજી તું પ્રતાપે નળે નિજ રાણી,
હવે જોઈ ચોપાટ, તારી કમાણી.

### સમસ્યાપૂર્તિ

(કવિત)

પ્રેમ ધરી પૂછ્યું એક કવિ કને કામિનીએ,
ખલકનો ખેલ અહા ! અજબ દેખાય છે;
સર્વને સંતાન સુખ, સંસારમાં સાંપડે છે,
એ જ માટે વંઝ્યા તણો, જીવ તલખાય છે;
કહો કવિરાય એનું, કૃપાથી કારણ મને,
કહે કવિ ક્યાંથી થાય ? એનું આમ થાય છે;
ઉદર પ્રવેશ પે'લાં, પ્રભુને ત્યાંથી પડાવી,
'વંઝ્યાપુત્ર મારવાને, કોઈ ચાલ્યો જાય છે.'

### મુંબઈમાં માગસર સુદ ૫, ૧૯૪૨ ના કરેલ

## અવધાન પ્રસંગના કાવ્યો

(ભુજંગી) રહ્યા છો મહા જોગને જાળવીને,
ભલો બોધ ભાખો તથાપિ ભવિને;
નથી રાગ કે દ્વેષ કે માન કાંહી,
વધુ શું વખાણે અહો રાય આંહી ?

(શાર્દૂલવિક્રીડિત)

[1]**રુચિ લોક સમસ્તની મન સજી** વિદ્યા વિલાસે ગઈ,
તેથી મુજ સમાજ આ અવસરે, તાદૃશ ગાજી રહી,
થાતાં દર્શન આપનાં જ મુજને, આનંદ ભારે થયો,
આપે આ મુજ શક્તિને નીરખતાં હું સારથક્ થઈ ગયો.

---

### બોટાદમાં માહ, સં. ૧૯૪૨માં કરેલ

## અવધાન પ્રસંગના કાવ્યો

**તમાકુની ડાબલી (શૃંગાર)**

(ભુજંગી) નિહાળો તમે ડાબલી આ રૂપાળી,
બને લાલ ત્યારે બને કોઈ કાળી;
ધરી ભામિની ભૂષણો શું વિચિત્ર ?
અરે ! માનજો અંતરે આપ મિત્ર.

**ઈશ્વરી લીલા વિષે**

(નારાચ)

વિચિત્ર દેખ વાંદરાં, વિચિત્ર ઘેટડાં કર્યાં,
અનેક સિંહ-સિંહણો, શિયાળિયાં ભલાં ધર્યાં;

---

૧. '**રુસ્તમજી**' નામ કવિતામાં અંતર્ગત છે.

વિચિત્ર રૂપ આદર્યાં, નિરાંત તો પૂરી મળી,
વણિક 'રાયચંદ' જો વિચિત્ર આ ખૂબી ભળી.

## વિદ્યા વિષે

(મનહર છંદ)

માતની સમાન જેહ મંગળની કરનાર,
પિતાની સમાન પૂરી રીતે પાળનાર છે.
મિત્રની સમાન ચારુ મિત્રની બતાવનાર,
ત્રિયાની સમાન દિલ-દુઃખ ટાળનાર છે.
ગુરુની સમાન ગુણ અગણિત દાતા ગણો,
સજ્જન સમાન ખળતાથી ખાળનાર છે;
વદે 'રાયચંદ' એમ સત્ત્વગુણ અંશ યુક્ત,
પામરને પ્રૌઢ વિદ્યા, એ સુહાવનાર છે.

અમૂલ્ય આનંદકારી, સર્વ રીતે સુખકારી,
વિપત્તિ દેશે વિદારી, દેવ તણી દીકરી;
વદનમાં વાણી વરદાઈ જે વિમળ પ્રેરે;
તોયનિધિ-તનયા, તે કથું તેની કિંકરી.
મન તણા મહા મહા, તોરને દબાવનાર,
અન્નપાન સમાન આધારને વિષે ઠરી;
અહો ! 'રાયચંદ' આ તો કલ્યાણનો કોશ દીઠો,
દીઠો ત્યારે એકદમ, ધ્યાનમાં લેજે ધરી.

દિવ્યચક્ષુને દેનારી, બુદ્ધિને બતાવનારી;
પ્રપંચ પતાવનારી, જનમાં જણાણી છે.
હાણને હણાવનારી, ચાતુરી ચણાવનારી;
ગુણીમાં ગણાવનારી, પંડિતે પ્રમાણી છે,

હિતને હળાવનારી, ભલાઈ ભળાવનારી;
ગર્વને ગળાવનારી, શારદા સુજાણી છે.
વદે 'રાયચંદ' આમ વિલોકો વિલાસ એનો;
અમૂલ્ય પ્રયત્ન યુક્ત, ગુણ રત્ન ખાણી છે.

---

લીંબડી (ઉપાશ્રય) માં માહ, ૧૯૪૨ માં કરેલ

## અવધાન પ્રસંગના કાવ્યો

### શાલ

શાલ વિશાલી જરિયનશાલી, દેખ રૂપાળી, દૃગ ભાળી;
શુભ રંગાલી, ઊનભભકીલી, લાલ નિહાળી, જયવાળી;
બહુ તારાલી, શીતસુખાલી, મનવરમાલી, હિતવાળી;
કિનારવાળી, શુભ છેડાળી, જો સંભાળી, ચટકાળી.

### ઘડિયાળના ડંકા

(ભુજંગી)

બજે છે જુઓ જેહ ડંકા અનેકે,
ગણો સૂચવે તેહ આવું વિવેકે;
બજે કાળ-ડંકા શિરે આમ જોશો,
ઘડિયાળનો આપ દેખો તમાશો.

### દીવાનખાનું

(વસંતતિલકા)

આ ધામનો સમજજો જન અર્થ આમ,
સંજ્ઞા પછી દઈ દિયો નહિ તો નકામ;
વિદ્યાવિલાસ ગણ ત્યાં જ દીવાનખાનું,
વેશ્યાવિલાસ ગણ ત્યાં ન દીવાનખાનું.

## લવિંગ

(વસંતતિલકા)

દેખી લવિંગ મનમાં જન ! તર્ક આવે,
તંબોળ-રક્ષક ગણ્યું મહીં ચીજ દાવે;
તાંબૂલનું નહિ થશે સહુ કામ ખુલ્લું,
ખોસ્યું લવિંગસુત, ત્યાં લગી તે અમૂલું.

## ઈંટ

(માલિની)

ધન કણ ધૂળ થાશે મૂર્ખને હાથ જાતાં,
ધૂળ પણ ધન થાશે સુજ્ઞ સાથે પલાતાં;
લઈ કર ઘટકારે, ઈંટ દૃષ્ટાંત દીધું,
મહિતલ ઉપયોગી, પાત્રને યોગ્ય કીધું.

## નળિયું

(ભુજંગી)

અરે! સંપની વાત તો ઓર માનો,
કહું એક દૃષ્ટાંત એને પિછાનો;
મળે જો લઘુ થોક તો કામ સિદ્ધ.
નળિયાં સમાજે રહ્યું તે પ્રસિદ્ધ.

## પાણી

(ઉપજાતિ)

પાણી વિના કામ કશું ન થાય,
પાણી વિના કેમ કરી લખાય ?
પાણી વિના ચાકરી કેમ થાય ?
પાણી વિના ના ઘડીયે જિવાય.

(વસંતતિલકા)

વ્હાલી વિશેષ વનિતા વપુએ સુવાન,
વર્તાય છે વદનમાં વિધુની સમાન;
વાણી વિષે વિમળતા વધતી વસી છે,
વા'! વીર થૈ વીર સ્થળે હમણાં ધસી છે.

**કલમ**

(શિખરિણી)

અહો ! અંગ્રેજોને હૃદયગત ભારે ઇલમ છે,
અને ભંગી માટે, નિજ ઉર વિષે તો ચલમને;
ચહે લોહી-રોગી, નિજ શરીર મધ્યે મલમને,
તથા ડાહ્યો ઇચ્છે, કરકમળ મધ્યે કલમને.

**છબી-હોકાની તુલના**

(ભુજંગી)

અતિ ચિત્ર વિચિત્ર દેખાવ જેનો,
પીળા સાથ છે લાલ જો રંગ તેનો;
નિહાળી જનો જુક્તિનો જોગ જાણે,
છબીની છટા દેખ હૂકા પ્રમાણે.

**પવનની રીતિ**

(ગીતિ)

જુઓ પવનની રીતિ, પુષ્પ સુગંધી સદૈવ ફેલાવે;
તેમ જ મિત્ર ખરો તે, આ વિશ્વે યશ સુગંધ પ્રસરાવે.

(શાર્દૂલવિક્રીડિત)

શી ચિત્રી બહુ શક્તિથી શુભ છબી ભારે જુઓ ભૂપતિ,
સાંગોપાંગ સમાન એ જ દીસતી ના ન્યૂન તેમાં બની;

જાણો જીવ વિહીન માત્ર સઘળી તે ઠાઠની છે ગતિ,
આભ્યાસિક વિચાર કાવ્ય સમ તે અચ્છી પ્રસિદ્ધિ કથી.

## આગગાડી

(તોટક)

નીરખો જન આ રથ પાવકનો,
બહુ શોધબળે યહ ખેલ બન્યો;
અતિ ચક્ર અનુપમ સોત[૧] રહી,
કવિએ સુવિમાન સમાન કહી.

## સમસ્યાપૂર્તિ

(મનહર છંદ)

મોહથી મચેલો એવો એક મધુકર હતો,
કારણ કર્તારે કરી એવી જાતિ તેમની;
ભટકી ભટકી આવ્યો, અટવી તે આપ અતિ,
પદ્મપુષ્પ શોધ્યા તણી, થઈ મતિ તેહની;
આથડી આથડી અંગ, સંકોચાય તેને તોય,
પદ્મ ન મળ્યાથી લાગી ધૂન મોહ કેફની;
નાતમેળી ન મળ્યાથી ક્રોધ કરી તુચ્છકારી,
'અગનિમાં પ્રીતે પડી પંકતિ દ્વિરેફની.'

## દરિયો

(મંદાક્રાન્તા)

દેખો દેખો ઉદધિજલની આકૃતિ આપ આજે,
મોજાંથી જ્યાં છલક છલકે આબરૂ સોત સાંજે;

---

૧. સહિત

એથી શિક્ષા જનસમૂહને પામવી યોગ્ય માનો,
મોટા છોડે નહિ નિજ ગતિ એમ નિશ્ચે પ્રમાણો.

**કમળ**

(પદ્ધરી)

થયો તુજને મન રંજન મોહ,
તરણિ થકી થાય કદી નહિ દ્રોહ;
ખીલે પણ તું ઊગતાં સૂરજ,
ઉદાર થા યાચક રંજન સે'જ.

---

## પ્રેમની કળા ન્યારી છે

(વસંતતિલકા)

ખીલે ખરો કમળ તે સવિતા પ્રકાશે,
એના વિના ઝડપથી કરમાઈ જાશે,
એ પદ્મની પરમ તું અવલોક યારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૧

જોજો તમે ભ્રમરનો દૃગપ્રેમ બંધ,
લે જૂઈ જાઈ ગુલબાસ તણી સુગંધ;
મૂંઝાય તે કમળમાં મન મોહ ધારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૨

રે પોયણી વિધુ વિના મન શોચ પામે,
તે ચંદ્રના ઉદયથી સહુ શોક વામે;
શું એ રહી હૃદયમાં રતિને વિચારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૩

એ સૂર્યફૂલ તરણિ થકી મોહ પામ્યું,
સામું રહે અડગ એ મન એમ જામ્યું;
ના અન્યની રતિ ગતિ ગણનાર પ્યારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૪

શી ક્ષીરનીર રતિ તે વદને વદાશે,
થાતાં વિયોગ જળનો પય ઊભરાશે;
સદ્યે સમાય પય એ મલતાં જ વારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૫

છે મોર શોર સઘળો ઘનઘોર જોર,
તેના વિના નહિ કળા, નહિ હર્ષ તોર;
તે મેઘ મધ્ય ટહુકાર કરે અપારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૬

આવે વસંત વિમળો ઋતુરાજ જ્યારે,
કોકિલ ગાયન ગુણી મુખ ગાય ત્યારે;
પામે સ્વને તન મને તદ શાંતિ સારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૭

છે લોહ તો જડ જુઓ નહિ જ્ઞાન તેને,
ભેટે સુચુંબક કને પડતાં સ્વ-નેને;
કેવી અહા ! રતિ મતિ જડ તોય ધારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૮

દાદુર મેઘ સમયે ફરી પ્રાણ પામે,
આનંદભેર જળમાં ઊછળી વિરામે;
થાતાં મૂઆં મરણથી ફરી આત્મધારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૯

રે, માછલી જળ થકી રહી પ્રેમ બાંધી,
તેના વિના તરફડે ઝટ સ્નેહ સાંધી;
જીવે નહીં વિરહથી થળમાં બિચારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૧૦

દેખો, અહો ! નિધિ તણો શશિ સાથ સ્નેહ,
આકર્ષણે અતિ લહે ભરતી સ્વદેહ;
છોળે કરી છલકતો હદને વિસારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૧૧

સદ્યે કરી સમજવા શુભ સ્નેહ ખૂબી,
દૃષ્ટાંતરૂપ ચીતરી દૃઢ પ્રેમસૂફી;
આ રાયચંદ વણિકે અરજી ઉચારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી. ૧૨

માર્ચ, ૧૮૮૬ (સં. ૧૯૪૨) (સુબોધ પ્રકાશ)

---

## ખરો શ્રીમંત કોણ ?

(સવૈયા-એકત્રીસા)

પરમારથમાં વાવરનારો, પૈસો પોતાનો ગુણવાન,
સત કામો કરવામાં નિત્યે દીસે જેની બહુ બહુ હામ;
દેશ હિતારથ કામ કરીને, રે'નારો ખુશી જેહ અપાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૧

પૈસો ભેળો ઝાઝો થાતાં, કોઈ કરે છે ખોટા ઠાઠ,
દા'ડા વિવા નામે ખર્ચે, પૈસો રળિયો એને માટ !
પુણ્ય નથી એથી થાવાનું, શો સમજે છે એમાં સાર ?
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૨

ઔષધશાળા સ્થાપી પોતે, રાખે છે જે નિત્યે નામ,
આશિષ દર્દી લોક દિયે છે, એ જાણું પરમારથ કામ;
પરમેશ્વર રીઝે છે એથી, સજ્જન કે' છે ધન્ય અપાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૩

ધર્માલય કરવાને ખર્ચે, બંધાવે વિશાળ નિશાળ,
બાળ અને બાળાઓ ભણશે, શીખી લેશે સારા ચાલ;
ફળ એનું મોટું છે ભાઈ, શાણા પણ એમ જ ગણનાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૪

દેશહિતમાં ચિત્ત પરોવી, આપે સારું ઉત્તેજન,
ગર્વ વિનાનું મન છે જેનું, ધન્ય ધન્ય તેને ધન ધન્ય;
હુન્નરને માટે પણ કરશે, ઉપાય એ ધનનો સરદાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૫

પુસ્તકશાળા સ્થાપી પોતે, કરશે કીર્તિ કેરો કોટ,
જ્ઞાન મળે જેથી બહુ સારું, કરશે સુધારા ચડીચોટ;
નીતિ વિદ્યા ફેલાવામાં, નાખે નાણું ધરીને પ્યાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૬

પુણ્ય સાથ આવ્યાનું સમજી, દામની નહિ રાખે દરકાર,
નાણું ચંચળ મનમાં સમજે, ધન્ય દીસે તેનો અવતાર;
ખોટા ડોળો ઘાલીને જ્યમ, ફરે ધનાઢ્યો શઠ અપાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૭

રે'વાનું નહિ કદી હમેશાં, દ્રવ્ય સુખ ને બીજા ડોળ,
પરમારથથી સારું થાશે, જોઈ વિચારી કરીને ખોળ;
રાયચંદની વિનતિ એવી, એનાં રે'શે અમર કાર્ય,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. ૮

(દોહરો)

દ્રવ્ય ગણો એનું ખરું, એ જ ખરો ધનવાન,
દેશહિતને આદરે, નહિ કો એહ સમાન. ૯

ઓગષ્ટ ૧૮૮૬, (સં. ૧૯૪૨)

---

## ધોળે દહાડે ધાડ

(દોહરા)

વૃથા જન્મ વેગે કરી, વાવે વિષનાં ઝાડ,
તે નર દેખે દૃષ્ટિએ ધોળે દા'ડે ધાડ. ૧

કરે લગ્ન વણ લાયકી, વધી જાય બહુ તાડ;
તળે તાવડે બાળને, ધોળે દા'ડે ધાડ. ૨

વિધવા વેઠે વેદના, શિશુ હત્યા રંજાડ;
કરુણા નાત કરે નહીં, ધોળે દા'ડે ધાડ. ૩

ખમા ખમા કરતી રમા, અરે હિંદને હાડ;
તે તો વળી વિલાયતે, ધોળે દા'ડે ધાડ. ૪

હુન્નર વણ હળવા થયા, ઊગ્યાં સંકટ ઝાડ;
કાં નિપજાવી હાથથી, ધોળે દા'ડે ધાડ. ૫

સળગાવી દો આ સમય, વળી વે'મની વાડ;
અધિક નહિ તો નીરખશો, ધોળે દા'ડે ધાડ. ૬

ભરત ભૂએ ભગવાં ધર્યાં, રે ! આ શી રંજાડ;
જાગો જાગો શું જુઓ? ધોળે દા'ડે ધાડ. ૭

લાજ લૂંટે લલના તણી ધર્મગુરુ વણ પાડ;
તે ગુરુને જ્યાં માન ત્યાં, ધોળે દા'ડે ધાડ. ૮

સમજણ વણ શિશુને બહુ, લૂખાં લડાવે લાડ;
ધબ પછી મારે ધોલમાં, ધોળે દા'ડે ધાડ. ૯

ક્લેશ કુસંપ જહાં વસે, ખરે ખુવારી ખાડ;
વધતી વધતી તે સદન, ધોળે દા'ડે ધાડ. ૧૦

જે નગરીમાં નીકળે, પંડિત કવિની પાડ;[1]
તે નગરીમાં લેખજો, ધોળે દા'ડે ધાડ. ૧૧

કેસર હળદર એક જ્યાં, એક વિબુધ ભરવાડ;
પૂછ્યા વણ ત્યાં પેખજો, ધોળે દા'ડે ધાડ. ૧૨

ખરો વૈદ્ય ખૂણે પડે, નાઈ તપાસે નાડ;
વાત વડી અન્યાયની, ધોળે દા'ડે ધાડ. ૧૩

કર ડરથી કંપી જઈ, રૈયત નાખે રાડ;
તે રાજાના રાજ્યમાં, ધોળે દા'ડે ધાડ. ૧૪

ગજવા-કાનૂન જ્યાં ગમ્યો, લાંચ, આંચ, વણસાડ,
ન્યાય નિત્ય વેચાય ત્યાં, ધોળે દા'ડે ધાડ. ૧૫

દી ઊઠે દરબારનો, પ્રૌઢિ નીકળે પાડ;
મૂર્ખ મંત્રીથી માનજો, ધોળે દા'ડે ધાડ. ૧૬

વિવાહ શોભે શા વડે ? શું મૃત ભોજન ઝાડ ?
લૂંટણ મંડળી શું કહો ? ધોળે દા'ડે ધાડ. ૧૭

સપ્તદશ દુહા સુણી, હરો દેશ રંજાડ;
ટોકે ટળવાં "રાય" આ, ધોળે દા'ડે ધાડ. ૧૮

ઓગસ્ટ ૧૮૮૬,(સં. ૧૯૪૨) (વિજ્ઞાન વિલાસ)

---

૧ હાર

## મુંબઈ, માગશર વદ ૧૯૪૩ના કરેલ
# અવધાન પ્રસંગના કાવ્યો

સભાસદો અહીં મળ્યા, મહાન જે સુભાગિયા,
પ્રભા સરસ્વતી તણી, પ્રમુખરૂપ આ ભણી.

### સમસ્યાપૂર્તિ

(શાર્દૂલવિક્રીડિત)

અંગે શૌર્ય દમામ નામ ન મળે, સત્તા રહી ના જરી,
પ્રેમી કાયરતા તણો અધિક છે, શાસ્ત્રે કથા એ ખરી;
ભાગી જાય જરૂર તે ભય ભર્યો, રે દેખતાં કેસરી,
'તે માટે રથ ચંદ્રને હરણિયાં જોડી દીધાં શ્રી હરિ.'

### કજોડાં માટે હિંદુઓને તિરસ્કાર

(મનહર)

કુળમૂળ પર મોહી, શૂળ હાથે કરી રોપો,
ભૂલ થકી ધૂળ કેમ ? કરો નિજ બાળિકા;
કરો છો કસાઈ થકી એ સવાઈ આર્ય ભાઈ,
નક્કી એ નવાઈની ભવાઈ સુખટાળિકા;
ચેતો ચેતો ચેતો રે ચતુર નર ચેતો ચિત્ત,
બાળો નહિ હાથે કરી બાળ અને બાળિકા;
અરે ! રાયચંદ્ર કહો, કેમ કરી માને એહ,
ચઢી બેઠી જેને કાંધે ક્રોધ ધરી કાળિકા.

### અંતર્લાપિકા

(દોહરો) **રાખે યશ ચંદ્રોદયે, રહે વધુ જીવી નામ;**[1]
તેવા નરને પ્રેમથી નામ કરે પરણામ.

---

૧. 'રાયચંદ્ર રવજી' નામ કાવ્યમાં અંતર્ગત છે.

## અંતર્લાપિકા

(દોહરા)

[1]**ચ**તુરતા ચિત્તમાં નથી, **વં**દન લાયક તાત;
**તુ**જ ગતિમાં મોહી રહું, **દઈ** દે એવી ખ્યાત.
**ર**હું સદા આનંદમાં, **ના**મ લીધે દુઃખ જાય;
**ભુ**જ વિષે દે જોર ને, **ક**ષ્ટો દૂર પળાય.
**જ**ગ સમરે છે આપને, **રે**'મ કરો હે દેવ;
ધાર્યું મારું નીપજે, કરતાં રૂડી સેવ.

---

## વીરસ્મરણ

(સવૈયા)

ઢાલ ઢળકતી ઝબક ઝબકતી, લઈ ચળકતી કર કરવાલ,
ખરેખરા ખૂંદે રણમાં ત્યાં મૂછ મલકતી, ઝગતું ભાલ;
વેરીને ઘેરી લેતા ઝટ, ભરતભૂમિના જય ભડવીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧

ધિંગાણામાં ધબકારાથી, ધરા ધ્રુજાવે ધરથી ધાઈ;
ભાલાથી ભીતર ભેદી દે, ભલા ભલા ભડ નરના ભાઈ;
સબસબતી સમશેરે શોધી, શત્રુનાં સંહારે શિર,
અરે ! અરેરે! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૨

ખળભળ ખળભળ ખલક કરી દે, ખડગ ધરીને અડગ ખચીત,
ધક ધક ધક ધક નીક ચલાવે, રુધિર કેરી જે રણજીત;
દુશ્મનને ખૂબ ચાંપી ચાપે છાતી ભેદી દે ભડવીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૩

---

૧. **'ચતુરભુજ વંદના કરે'** કાવ્યમાં અંતર્ગત છે.

કટ કટ કટ કટ કાંડા બોલે, જ્યાં પકડે કરમાં કરવાળ,
ખાય હિંડોળા ખૂબ લટકતી હૃદય ઉપર જેને રણમાળ,
ધબ ધબ ધબ ધબ ધબકારાથી, પડમાં નાખે પગ શૂરવીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૪

અસ્ત્રશસ્ત્રના ભેદ અનુપમ, ધનુર્વિદ્યા ધરવાના ધર્મ,
પૂર્ણ પઢેલા માને પેટે, ક્ષત્રીવટના કેવળ ધર્મ;
રિપુ રડાવે રણમાં રોળી, તોળી તીક્ષણ મારે તીર;
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૫

હઠનારા નહિ હેબક પામી, બહાદુર બથમાં ભીડે આભ,
પાટુના પડઘા સાંભળતાં, છૂટે ગર્ભિણીના ગાભ;
કમર કસીને ધસી પડીને, અસિ થકી ઉડાડે શિર,
અરે ! અરેરે! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૬

મારે જ્યાં માથામાં મુષ્ટિ, કરી નાખે ત્યાં કકડા ક્રોડ,
ફરી અરિ નહિ આવે પાસે, મનની મૂકે મમતા મોડ;
બંકા બહાદુર બાણ કમાને, વજ્રવપુના મજબૂત વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૭

કદીયે નહિ કાયાથી કંપે, જીતે ત્યારે જંપે વીર,
રણરંગી ને જબરા જંગી, ઊછળે જેને શૌર્ય શરીર;
કાયરતાના માયર નહિ એ, સાચા એ સાયર શૂરવીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૮

ધન્ય, ધન્ય તે રાણીજાયા, માયાને છટ છટ કરનાર,
વીરરસે જે જાયે વાહ્યા, કરે ન કાયાની દરકાર;
કેવળ કેસરિયાં કરનારા, અહા ! કેસરી સિંહ શરીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૯

શૂધ ભૂલીને યુદ્ધ ચલાવી, ચઢતા જ્યારે રણસંગ્રામ,
ચાક ચૌદ બ્રહ્માંડો ચડવે, ત્રાસ કરાવે શૌર્ય તમામ;
આરોપે વરમાળ અપ્સરા, પડે કદી શૂરવીર શરીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૦

દુશ્મનને દાબી નાખ્યામાં, ડરનારા નહિ કેવળ દિલ,
વિજય વિજય વર્તાવે વેગે, વિજય-ધ્વજા ફરકે વણઢીલ;
હૈયે શૌર્ય દમામ હમેશાં, અને વળી હિમ્મતનું હીર,
અરે ! અરેરે! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૧

ટાળક સંકટ, બાળક નારી ગૌ બ્રાહ્મણ પ્રતિપાળક પૂર્ણ,
સંભાળક જે ધરા ધર્મના, દુશ્મનદળ કરનારા ચૂર્ણ;
ખરાખરીના ખેલ વિષે નહિ પાછો પગ દેનારા વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૨

શત્રુની છાતીમાં સાલે, મૂઆ પછી પણ માસ હજાર,
નામ વડે ત્યાં પડે મૂતરી, જેના શત્રુના સરદાર;
અને રિપુની રામા રડતી, કદી રહે નહિ લૂંછે નીર,
અરે ! અરેરે! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૩

બખતર પહેરી બહાદુર જ્યારે કરતા પ્યારે યુદ્ધ ટંકાર,
મઘવાપતિ ત્યાં થરથર ધ્રૂજે, ભડવીરો એવા ભયકાર;
શકે લહી ઇન્દ્રાસન એવો, ડર ઊપજે એને પણ વીર;
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં? રઢિયાળા એવા રણધીર. ૧૪

અરિ પલાયન જાય કરીને, હામ થકી જ્યાં પાડે હાક,
યમરાજાને ત્યાં પહોંચાડે, રહે ઊભો જો એક કલાક;
ટકવાની તાકાત કોઈની, જેની જોડે હતી ન વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં? રઢિયાળા એવા રણધીર. ૧૫

એક બાણથી પ્રાણ હરી લે, પાછું કદીયે નહિ પડનાર,
દશરથસુત દુશ્મનદળ-છેદક, ધન્ય, ધન્ય એ શર ધરનાર;
રાવણ સમ રાણાને રોળ્યો, એ જ શરેથી શ્યામ શરીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં? રઢિયાળા એવા રણધીર. ૧૬

ભીમ ભગીરથ ભારે ભડ જે, કેવળરૂપે કાળ કરાળ,
રણભૂમિમાં ભય ઉપજાવે, યમરાજાથી પણ વિકરાળ;
કુળદીપક એ કોહીનૂરો, ધન્ય માતનું ધાવ્યા ક્ષીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૭

ભારતમાં ભડ પારથ કેવો ! અને વળી એનો પણ બાળ,
અભિમન્યુએ આરોપી’તી રઢિયાળી રૂડી રણમાળ;
કૌરવકુળનો કાળ થવાને તજી સુંદરી એ શૂરવીર;
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૮

બાણશય્યામાં પોઢ્યા બહાદુર, ભીષ્મપિતા ભારે ભયકાર,
અવધિ આપી અહા ! કાળને છ માસની જેણે તે વાર;
મહાભારતનું નામ પડ્યું તે, એનું કારણ એવા વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૧૯

પરાક્રમી પૃથુરાજે કાઢ્યું, શહાબુદ્દીનનું સત્યાનાશ.
ઘોર વિષે ઘા એનો સાલે, તનમાં ઊપજે જેનો ત્રાસ;
સંયુક્તાને હરી શૌર્યથી, પોઢાડી દીધા પણ પીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૨૦

અરિ હણીને અખંડ એણે, નવે ખંડમાં રાખ્યું નામ,
ખંડ અનેક ધ્રુજાવે એવા, રણ જંગે ધીરજનાં ધામ;
ધન્ય, ધન્ય તે જનની એની, ધન્ય, ધન્ય વહાલા શૂરવીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર. ૨૧

પાણી પૂર્વજનું ખોનારા, જાગ્યા આવા એને વંશ,
બાપનામના બોળી બેઠા, ધિક્ક! ધિક્ક! એના આ અંશ;
મરો બૂડીને નરો બાયલા ઢાંકણીમાં નાખીને નીર,
આર્યકીર્તિને ઝાંખપ દીધી, તમને એનો બટ્ટો શિર! ૨૨

હા શિવ! હા શિવ! ગજબ થયો શો!અજબ થઉં છું નીરખી આમ,
આર્ય પરાધીન દીન થયાથી, રે'તી નથી હૈયામાં હામ !
કાળજડું કંપે કરુણાથી સ્થિતિ અવલોકીને આમ !
ઢળું ધરણીએ મૂર્છા પામી, ભાખી હર! હર! હર! હર! રામ! ૨૩

શું પ્રાચીન પૂર્વજ સંભારું ! આંખે આંસુ આવે, વીર !
શી હિમ્મત એના હૈયાની, રે ! શાં એનાં નૌતમ નીર !
હાય! હાય! આ ગતિ થઈ શી? હાય ! હાય ! શો કાળો કેર!
'રાય' હૃદય ફાટે છે હર ! હર ! નથી જોવાતી આવી પેર. ૨૪

---

## મિત્રપરીક્ષા

(દોહરા)

મોતીપરીક્ષા ઘણ અને, મુનિપરીક્ષા વામ;
શૂરપરીક્ષા યુદ્ધ ને, મિત્રપરીક્ષા કામ.

## કુમિત્રનિંદા

(દોહરા)

ખસે કષ્ટમાં વેગળા, કરી કુમિત્ર જુહાર;
પાણીમાં પડતાં તરત, જૂઠો રંગ જનાર. ૧

દેખે દોલત ત્યાં સુધી, પૂરો બતાવે પ્યાર;
તે ખસતાં આઘાં ખસે, કુમિત્ર, વેશ્યા, નાર. ૨

ખોટા મિત્ર ખરેખરી, તકમાં નહિ ટકનાર;
પાનખરે ઝટ પાંદડાં, તરુથી વટી જનાર. ૩

ભપકો રાખે પ્રગટમાં, દિલમાં રાખે દ્વેષ;
ગુંજા અને કુત્રિમનો, ભભકો એ જ હમેશ. ૪

---

## પ્રાસ્તાવિક દોહરા

ભોજન, ધાતુ, ઔષધિ, દોસ્ત, દાસ, ઘર, નાર,
વણ પરખ્યાં જે વાપરે, તે ખત્તા ખાનાર. ૧

મિત્રવિયોગે મિત્રનું, હરાઈ જાશે હીર;
છોડ જશે કરમાઈને, જો નહિ પામે નીર. ૨

ભેટ્યો સુમિત્ર જેહને, ભલું તેહનું ભાગ્ય;
નવ ભેટ્યો તેને ગણો, લાગી ભાગ્યમાં આગ. ૩

વધવું ઘટવું વિશ્વમાં, રહ્યું મિત્રને હાથ;
ભરતી ઓટ સમુદ્રની, જેમ શશિ સંગાથ. ૪

સ્વભાવ જ્યાં સરખા નહિ, પ્યાર ન ત્યાં ટકનાર;
મળતાં દારૂ દેવતા, બને ન બે ઘડી વાર. ૫

સ્વમિત્ર મોટો દાખવે, ખરા મિત્રનો મંત્ર,
માનો તુલ્ય સુમિત્રને, સૂક્ષ્મદર્શક યંત્ર. ૬

સહાય હોય સુમિત્રની, મન ધાર્યું તો થાય;
પારથ ભારત જીતિયો, પ્રતાપ જાદવરાય. ૭

ઉદ્યમ, જોબન, બુદ્ધિ ને પ્રવાસ, દરિયો, ભૂપ;
પ્રૌઢો પૈસો પામવા, એ ખટ સાધનરૂપ. ૮

ક્લેશ, ગર્વ, ઉન્માદ ને, આળસ ઊંઘ અયોગ્ય;
લક્ષ્મી રળવાનાં ગણો માત્ર પાંચ અજોગ. ૯
હિંમત, સાહસ, બુદ્ધિબળ, વિદ્યા, ખટપટ ભેદ;
એ ફતેહના માનજો, લક્ષ વીરના વેદ. ૧૦
દાન, કાવ્ય, તપ, ચાતુરી, ગુરુભક્તિ ને જ્ઞાન;
વિવેક, નીતિ, લક્ષ્મી એ, સબળ કીર્તિનાં સ્થાન. ૧૧
અરે હંસ ! કાં આવડો, દિલમાં થા દિલગીર ?
હમણાં હરિ પહોંચાડશે, માન સરોવર તીર. ૧૨
રે બગ ! ને રે કાગડા ! શું મનમાં મલકાવ ?
દેવસભામાં તમ તણો, કોઈ ન પૂછે ભાવ. ૧૩
રે ચકોર ! રે પોયણી ! શાં ધરવાં અભિમાન ?
ઉદય થવા દો સૂર્યનો, પછી જોશું તમ માન. ૧૪
અરે કમળ ! તું આ સમય, ઉદય અમારો દેખ;
મને ગતિ જો તાહરી, છે તુજને સુખ-રેખ. ૧૫
ધન, જોબન, ત્રીજો અમલ, થયાં હોય અનુકૂળ,
નહિ વિદ્યા અનુકૂળ તો, સઘળાં માનો ધૂળ. ૧૬
છતાં કર્મ રઝળી પડે, જો આળસ અનુકૂળ;
ભય પામી એથી રહે, પરમેશ્વર પ્રતિકૂળ. ૧૭
આળસ હોય હજૂર ત્યાં, વધે ન કદી સુખનૂર;
ભય પામી એ મૂર્તિથી, રહે પ્રભુ પણ દૂર. ૧૮
હોય લઘુ મર[1] તોય તે પરાક્રમે પૂજાય;
ભાવ ન પૂછે પૂર્ણનો, નમે ચંદ્ર દ્વિતીયાય. ૧૯

૧. ભલે

રે મનમોહક કસ્તૂરી ! ઉરમાં થા ન ઉદાસ;
વાંક ન એ આહીરનો, કરે કહાંથી ક્યાસ[1] ? ૨૦

મુખભૂષણ ભાષણ ભલું, કરભૂષણ છે દાન;
નેત્રભૂષણ છે નેહ શુભ, કાનભૂષણ શ્રુત જ્ઞાન. ૨૧

લક્ષ્મીભૂષણ છે ઘર અને, ઘરભૂષણ છે નાર,
નારભૂષણ આ ધારીએ, પતિભક્તિ પ્રિયકાર. ૨૨

---

## આર્યપ્રજાની પડતી

(રોળાવૃત્ત)

આર્યપ્રજા આ દેશ ધર્મ પોતાનો ધારે,
કરી કર્તવ્યો બેશ દેશ ડૂબતો આ તારે;
ઉર ધરી એ ઉદ્દેશ આભ મંડળમાં ઇચ્છું,
કવિતા કેરી લેશ પદ્ધતિ તો નવ પ્રીછું. ૧

ગાંડું ઘેલું લેવું, સાક્ષરો અંતર ધારી,
હંસ પેઠે પય ગ્રહી વ્યર્થ તજી દેજો વારિ;
આ દેશે આ કાળ પ્રજા નહિ ધર્મ પિછાને,
જે જેને તે તેમ, મનમાન્યું તિમ માને. ૨

અભિમાને અવળાઈ માનના ભૂખ્યા ભારે,
દેશહિત તજી દેઈ દોડતા રાજદ્વારે;
ઘેર ઘેરના શેઠ થયા સૌ નાના મોટા,
પંડે ફુલાવી પેટ મારતા ઘણા ગપોટા. ૩

સ્વાર્થે અંધાભીંત થઈ આથડિયાં મારે,
પરમાર્થે ધરી મૌન કોઈનું કહ્યું ન ધારે;

---

૧. અટકળ

માન માટે કંઈ ક્રોડ રૂપિયા ખર્ચ ઉધારે,
પરમારથમાં પાંચ ખરચતાં ફાંફાં મારે. ૪

કંઈ સ્વારથને માટ આબરૂ અળગી મૂકે;
છળ પ્રપંચ ને કપટ, દગો કરતાં નવ ચૂકે,
પાપ કર્મ કરી ધન, ધનવાનો મેળવતા,
તનુજો તેવા સર્વ તેમના તો કેળવતા. ૫

બાપ દીકરા સાથ, દીકરો બાપની સાથે.
ધનને માટે ધાઈ, આવતા બાથંબાથે;
પિતા પુત્રશું વેર, વેરની હદ ત્યાં આવી,
ઘેર ઘેર એ પેર, શકે શું સંપ કરાવી ? ૬

સાસુ વહુની સાથ કર્કશાઓ કંઈ લડતી,
નણંદ અને ભોજાઈ, ભવાઈ ઘર ઘર કરતી;
સાસુનું જોઈ વહુ, માતનું તનુજા જોઈ,
શીખી સ્ત્રીઓ સહુ, કર્કશા તેથી હોઈ. ૭

સગા સહોદર સાથ, વળી પાડોશી સંગે,
જમીન જરને માટ, ચડે કોરટ રણ જંગે;
ચડે જેહ દરબાર, ખુએ ઘરબાર ખરાતે,[1]
કહેવત સાચી પડે, તોય સમજે ન જરા તે. ૮

ઘેર ઘેર જ્યાં મમત, નાત જાત ક્યમ નો'યે,
માંહોમાંહી લડી, ઘણી ફરિયાદો હોયે;
વેપારીશું રાડ, કરે બીજો વેપારી,
ગાંધી, મોચી, ઘાંચી; કુસંપે લડતા ભારી. ૯

---

૧. ખરચત.

તેલી ને તંબોળી, સાળવી, માળી સરવે,
દોશી, દરજી, દુકાની, લડી મરતા સૌ ગરવે;
ડાહ્યા ને વિદ્વાન, જતિ, જોશી, પુરાણી,
શુક્લ, શાસ્ત્રીશું ખરી, રાડ દ્વેષે મંડાણી. ૧૦

બાળક, જુવાન, વૃદ્ધ, ખરા ખોજા ને વોરા,
હિંદુ મુસલમાન, પારસી રહ્યા ન કોરા;
દ્વેષ વેર કુસંપ વસ્યો સૌ કોમ વિષે છે,
લડી કોર્ટમાં જતા, રખડતા સૌ દીસે છે. ૧૧

થયા ઘણા ઘરહીન, ધની ધન ગુમાવી બેઠા,
કૈંક જમીન જર વેચી, હાય કહી બેઠા હેઠા;
કંઈ ઘરબારો તજી, ગયા પરદેશે રે'વા,
કંઈ હબકી મરી ગયા, થયા અહેવાલો એવા. ૧૨

ખરી ખરાબી થઈ, કુસંપે તો ઘર ઘાલ્યું,
નીચી ડોકે સહે, જરા નહિ ઊંચું ભાળ્યું;
નાત જાતના ચાલ, હાલ વળી બૂરા ભાસે,
દાઝ્યા ઉપર ડામ, અહો ઈશ્વર, ક્યમ થાશે ! ૧૩

કૈંક કુંવારા મરે, કરે કંઈ તો દૂધપીતી,
કોઈને સ્ત્રી છ સાત, નાતની બૂરી રીતિ;
મરણ પરણના ખર્ચ, કંઈકને ડુબાવી દેતાં,
પાપ તેથી બહુ થાય, શરમ આવે છે કે'તાં. ૧૪

કન્યાકાળને માટ, દુઃખ-દરિયે ડુબાવે,
પાંચ વરસની પુત્રી, પચાસનાને પરણાવે;
રૂપ ગુણ નવ જુએ, વિદ્વત્તા જુએ ક્યાંથી ?
તેવાં નાનાં બાળ, વરાવે બાળપણાથી. ૧૫

થાય તેમનાં તનુજ, હિંમત, બળ, લૂણ વગરનાં,
વાવે તેવું લણે, ફળે બીજ ટૂંકી નજરનાં;
એ રીતે આ દેશી, થયા નામર્દો પૂરા,
થયા તેથી બેહાલ, ખરાબીમાં ન અધૂરા. ૧૬

કારીગરી પણ ખરી, ડૂબતી ચાલીં સઘળી,
કારીગર રડવડે, થઈ બહુ હાલત નબળી;
દેશવિદેશે જતાં, છીંટ મલમલ મદ્રાસી,
બાસ્તો, માદરપાટ, સાડી ને શાલો ખાસી. ૧૭

તે સર્વે થઈ બંધ યુરોપી આવ્યાં સસ્તાં,
સંચે શાલો બને, કરે સૌ કીધાં ખસતાં;
સજિયાં કાતર સોય, ચપુ કરવતી ને આરી,
વીંધણાદિ હથિયાર, સુતારી ને લુહારી. ૧૮

આવ્યાં યુરોપી આંહી, સરસ ને સોંઘાં સઘળાં,
તેથી આ દેશના બનેલાં બનિયાં નબળાં;
કાગળવાળા, લુહાર, સાળવી ને કંસારા,
રાંડી રાંડ ડોશીઓ, છાપવાળા સોનારા. ૧૯

કામ વિના તે સર્વે, બગાસાં ખાતાં બેઠાં,
કૈંક તજી નિજ કામ, બીજા ધંધામાં બેઠા;
દુરાચારી કંઈ થયા, ગયા કંઈ તો પરગામે,
કૈંક ચોરીઓ કરે, જુગારું ખેલે દામે. ૨૦

જ્યાં ત્યાં બોલે રાડ, ધર્મમાં પણ ધિંગાણું,
મત પંથો બહુ વધ્યા, ખરાબી માટે જાણું;
જ્ઞાનહીન ગુરુ થયા, કરે ઉપદેશો ક્યાંથી ?
ધર્મહીન સૌ શિષ્ય, સુધરે કહો તે શાથી ? ૨૧

ભિન્ન ભિન્ન સૌ પંથ, પંથ સૌનો પણ નોખો,
અંદર અંદર દ્વેષ, રાખી લડતાં એ ધોખો;
ધર્મ ભિન્ન એ દુઃખ, દ્વેષથી કુસંપ જામે,
અજ્ઞાને આવરી, અસદ્‌ગતિ અંતે પામે. ૨૨

દ્વેષ વધ્યો દેશીમાં, નોકરો દ્વેષે લડતા,
ચડેલ તોડી પાડી, આપ વઢવાનું કરતા;
વહાલા થાવા માટ, ચાડી ચૂગલી બહુ ચાલી,
મોંના મીઠા થઈ, પેટમાં રાખે પાળી. ૨૩

પરદેશીશું પ્રેમ, દેશીશું વહાલ ઘટાડ્યું,
મધુ દેશી તજી દઈ, બીર, શેમ્પેન ખુટાડ્યું;
વ્યસન વધ્યું હદપાર ખુવારી ખૂબ થઈ છે,
તેથી દિલમાં દાઝ, ધરી આ વાત કહી છે. ૨૪

વેશ ઉપરનો પ્રેમ ઘટ્યો બેશક લાગે છે,
બે જણની વઢવાડ, સ્થાન ત્રીજો ત્યાગે છે;
બળિયા મારે માર દૂબળા જનને કોઈ,
દેખે ત્યાં દશબાર, ભાગી જતા તે જોઈ. ૨૫

ઠપકો દે નહિ કોઈ, કોઈ પણ નહિ મુકાવે,
કોઈ ઊભો નવ રહે, શાહેદી ક્યાંથી લાવે ?
અરે, હાય શા હાલ, બાયલાપણું એ કેવું !
હાય ગયું ક્યાં વહાલ, અરેરે! થયું ક્યમ એવું. ૨૬

ગયું જાતિ અભિમાન, દેશ અભિમાન ગુમાવ્યું,
દેશ દુઃખની દાઝ, દયા ને શૂર ડુબાવ્યું;
બેપરવા થઈ પ્રજા સ્વાર્થમાં અંધાપાળી,
રાજ ન્યાય નવ જુએ, ગોરી બાજુ કે કાળી. ૨૭

આવ્યું દેશ પર દુઃખ, રાજ પર પણ જો આવ્યું,
પણ તે જુએ ન લેશ, કરે સૌએ મન ફાવ્યું;
કોને કોની પડી નથી દરકાર કશાની,
નિશા અંધારી માંહી, ઘોરતાં સૌ અજ્ઞાની. ૨૮

ઊગ્યા આથમ્યા તણું, નથી કંઈ ભાન કશાનું,
જન જાગી નવ જુએ, ભાન આવે પછી શાનું ?
આર્ય પ્રજાની એથી અવદશા આજે આવી,
છે કોઈ માડીપૂત, શકે કો એ બદલાવી ? ૨૯

ઊગ્યું તે આથમે, ફૂલ્યું તે કરમાવાનું,
ચઢ્યું પડે નિશ્ચયે, થવાનું તે થાવાનું;
થયું ન મિથ્યા થાય, થયું થાવાનું ભાવી,
હવે જાગીને જોઈ, દશા આ દો બદલાવી. ૩૦

(લાવણી)

જુઓ જુઓ સૌ આર્યજનો, અજ્ઞાન અને આળસ ત્યાગી,
ઘોર નીંદમાં અઘોરી ઊંઘો, જુઓ ઊંઘમાંથી જાગી;
જુઓ બ્રાહ્મણો વેદ વખતના, વેદ ન્યાય ભાવે ભણતા,
ધર્મજ્ઞાન દેતા બીજાને, રાજ ન્યાય પણ ચૂકવતા. ૧

તત્ત્વજ્ઞાનીઓ તત્ત્વ શોધતા, ઋષિ સઘળા ઋષિ-આશ્રમમાં,
ધર્મશાસ્ત્રીઓ ધર્મ બોધતા, ધરી સંતોષ સદા મનમાં;
ન્યાય આપતા રાજન્યાયિકો, રાજનીતિ રીતિ જોઈ,
પક્ષપાત કે લાંચ અસત્ નહિ, સત્યમાર્ગમાં સૌ કોઈ.

રાજનીતિ દઈ રાજજનોને, રાજવ્યવસ્થા પણ કરતા,
ક્ષત્રી વિદ્યા ક્ષત્રીને દેતા, દિલમાં લેશ નહીં ડરતા;

રાજમંત્રી બ્રાહ્મણો હતા; ને બ્રાહ્મણો ન્યાયાધીશ હતા,
ગુરુવર્ગ બ્રહ્મનો હતો પણ, અનીતિ નામ ન આચરતા. ૩

રાજનીતિથી રાજ ચલાવે, સલાહ શાંતિમાં સૌ ઠામે,
પ્રજાપાળ પ્રજા પાળે પણ, નહિ પોકાર કશો નામે;
કદી અન્યાય કરી શકતા નહિ, બ્રાહ્મણસત્તા શ્રેષ્ઠ હતી,
બ્રહ્મવચન નહિ કોઈ ઉથાપે, બ્રહ્મપૂજા પ્રથમ થતી. ૪

પ્રજા પાળતા નિજ પ્રજા સમ, ડાબા જમણી લેશ નહીં,
પ્રજા પિતા સમ ગણી રાયને, પ્રેમપાશમાં બાંધી રહી;
વાદવિવાદ પ્રજા કરતી નહિ, ચઢી દરબાર ન કોઈ જતા,
પંચ તહાં પરમેશ્વર ગણી, પંચાત પંચ મળીને કરતા. ૫

મારફાડ ક્ષત્રી કરતા નહિ, ક્ષત્રીવટમાં સૌ ચરતા,
વૈશ્ય વણજ કરી રહે સંતોષે, કૃષિકાર સૌ કૃષિ કરતા;
શૂદ્ર શૂદ્રના ધર્મ વિષે રહે, વર્ણાશ્રમ સઘળા પાળે,
કોઈ કોઈને કલહ મળે નહિ, સ્વધર્મ સઘળા સંભાળે. ૬

છળકપટ નહિ દગો પ્રપંચ નહિ, ચોરી ચાડી અસત્ નહીં,
લૂંટ, ધાડ, લબાડ, લાંચ નહિ, નહિ સ્વાર્થમય કોઈ કહીં;
સત્ય, પ્રમાણિકતા, પરમારથ, ઈશ્વરડર અંતર ધરતા,
સલાહ, સંપ, સંતોષ, મૈત્રીમય, આર્યખંડમાં આર્ય હતા. ૭

નહિ સાંકળ, કળ, સંચા કશાને, નહિ તાળું કૂંચી ક્યાંહી;
લૂંટ ચોરીની ફિકર કશી નહિ, ભ્રાતૃભાવ સૌ મન માંહી;
સત્ય, દ્વાપર, ત્રેતા ત્રણે યુગ, આર્યપ્રજા સૌ એવી હતી,
અનુપમ કાર્યકારી મમ વડીલો, કરી અચલ અનુપમ કીર્તિ. ૮

વિચરે દેશ વિદેશ વિશેષે, દે ઉપદેશ ન લેશ ડરે,
જાવા, બસરા, ઝાંઝીબાર, ચીન જઈને વણિકો વણજ કરે;
સ્વદેશી માલ જતો પરદેશે, અસ્ત્ર શસ્ત્ર અન્ન વસ્ત્ર ઘણાં,
ધન દોલત બહુ તાણી લાવતા, સ્વદેશમાં પરદેશ તણાં. ૯

શૂર વિષે સંપૂર્ણ હતા વળી, ધન દોલતમાં પૂર્ણ હતા,
વિદ્યા, જ્ઞાન, કળા કૌશલ્યથી, વખણાઈ વિખ્યાત થતા;
ગામ ગામ સૌ ઠામ વિષે બહુ, ઉદ્યમ ને ઉજળાટ દીસે,
હીરા, માણેક, રત્ન અમૂલખ, અન્ન, ધન અખૂટ આર્ય વિષે. ૧૦

ધન દોલતમાં પૂર્ણ હતા વળી, પંકાતા પરદેશ મહીં,
વિદ્યા હુન્નર આર્ય તણું હતું, આર્યભૂમિ સમ કોઈ નહીં;
એ જ ભૂમિ ને એ જ આર્ય પણ, હાલહવાલ દીસે આજે,
આભજમીન સમ અંતર આજે, જોઈ અંતર મારું દાઝે. ૧૧

અરે હાય એ ક્યાં વાલ્મિક, મનુ, વશિષ્ઠ વ્યાસ મુનિ ક્યાં છે ?
પરશુરામ ને દ્રોણ પતંજલ, વીર જ્ઞાનીઓ તે ક્યાં છે ?
રામ, કૃષ્ણ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, જનક, દ્રુપદ રાજા ક્યાં છે ?
અરે, હાય, એ ઉદ્યમ, શૂર, ધન, સત્ય ઉદેશ ગયા ક્યાં છે ? ૧૨

---

## આર્યભૂમિના પુત્ર

(પ્લવંગમ છંદ)

આર્યભૂમિના પુત્ર, અનાર્ય થયા સહુ,
કુળાચાર તજી દઈ, અનાડી થયા બહુ;
બ્રાહ્મણ વેદાભ્યાસ, તજી કૃષિ કર ગ્રહી,
તે જોઈ બ્રહ્મત્વ, અહીં ન રહ્યું કહીં. ૧

બ્રાહ્મણ ગુરુપદ છોડી, થયા ભીખ માગતા,
તત્ત્વજ્ઞાન તરછોડી, ધરી અજ્ઞાનતા;
ન્યાયશાસ્ત્ર ભણી ન્યાય, બ્રાહ્મણો આપતા;
રાજસભામાં માન, મંત્રીપદ પામતા. ૨

ને મંત્રીપદ જ્ઞાન, માન મચકોડિયું,
આજ થઈ અજ્ઞાન, ધર્યું કર કોડિયું;
જે બ્રાહ્મણ દરબાર, પૂજાતા પ્રેમથી,
તે બ્રાહ્મણ ઘેર ઘેર, રખડતા નેમથી. ૩

પરશુરામ ને દ્રોણ, આજ કોઈ નથી,
નથી પતંજલ વ્યાસ, કહું શું હું કથી;
ક્યાં વાલ્મિક વશિષ્ઠ, વસ્યા આજે જઈ,
હાય ! અવદશા આર્ય, આજ કેવી થઈ. ૪

વળી ક્ષત્રિયો આજ, થયા નિર્માલ્ય છે,
દ્વેષ, વેર, બહુ વસ્યા, બૂરા બહુ હાલ છે;
કોઈ કોળિયું ખાય, બ્રાંડી કો બહુ પીએ,
થર થર ધ્રૂજે કાય, બાપડા બહુ બીએ. ૫

કો લૂંડાને સાધ્ય, સાધ્ય કો રાખને,
કો ભડવાને સાધ્ય, મોતડર દાખવે;
સેવે કોઈ હવેલી, બાગ કો સેવતા,
લાડી, વાડીમાંથી, ન જાગતા કો થતા. ૬

રાજ ઊપજ નહિ જાણ, ખર્ચ પણ કેટલું,
રૈયતને સુખદુઃખ, ન જાણે એટલું;
મળે દૂધ ને ભાત, ખાઈ બહુ ખુશી રહે,
આલબેલ દીવાન, આવીને નીતિ કહે. ૭

કો લોભી અન્યાયી, ન્યાય પણ વેચતા,
પક્ષપાત કરી પ્રજા, અતિશે દૂભતા;
ભાયાતો શું રાડ, પટાવત પીડતા,
માંહોમાંહે વેર, કરી ખુશી થતા. ૮

કો પરણે દશબાર, રાખ પણ રાખતા,
વધ્યો બહુ વ્યભિચાર, ભૂંડાં ફળ ચાખતા;
રાજબીજને માટે ખાર ભૂમિ છે થઈ,
કિંચિત્ કો રણદ્વીપ, વિષે ઊગે કહીં. ૯

દ્વેષ, તને ધિક્કાર, વસ્યો ક્યમ રાજમાં,
ભાઈ ભાઈશું વેર કરાવ્યું આજમાં;
ભ્રાતૃભાવ તજાવી, રાજબીજ ઓળવ્યું,
ફટ ફટ ભૂંડા દ્વેષ, તેં જ સૌ ભોળવ્યું. ૧૦

અફીણ કસુંબા માંહી ઝૂકતા ઝૂમમાં,
નિદ્યા ન કરતા ક્યાંહી દારૂની ધૂનમાં;
કાચા પડિયા કાન, આંખ કાચી થઈ,
થર થર ધ્રૂજે કાય, શુદ્ધિ તો નવ રહી. ૧૧

મતિહીન સૌ થયા, થયા શૂરહીન છે,
દુર્મતિ દુરાચાર માંહી તલ્લીન છે;
રામ, કૃષ્ણ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર ક્યાં મળે;
રાવણ, દુર્યોધન, કંસ છે સૌ સ્થળે. ૧૨

પ્રતાપ ને જયસિંહ, શિવાજી તજી ગયા,
માલ વિનાનાં નામ, નામના છે રહ્યા;
માટીના પૂતળા સમાના આજ છે,
કાં રાજા ઠાકોર, રાજ મહારાજ છે. ૧૩

જે જાતા રણમાંહી, શત્રુ કંપાવતા,
અડગ ન ધરતા પીઠ, જીત કરી આવતા;
કેસરિયાં રણમાંહી કરી ઝંપલાવતા,
માર માર મુખ શબ્દ, બીજો નહિ લાવતા. ૧૪

શાણી રાણીઓ જેહ રણે રમતી હતી,
સમજાવી પિયુ પુત્ર ધીરજ જે આપતી;
શોભાવી રણવાસ રણે જે ઝૂમતી,
કો મરતી રણજંગ, થતી કોઈ સતી. ૧૫

તે રજપૂતો આજ, મહેલરણ ભોગવે,
કેસરિયાં કરી ખૂબ, બીએ છે તે હવે;
થવાથી કાચા કાન, કાન ભંભેરતા,
કાચી દૃષ્ટિથી કાંઈ દીર્ઘ નહિ દેખતા. ૧૬

શાણી રાણીઓ સર્વ, સ્થળે ફીટી ગઈ,
ખાનપાન સન્માન વિષે ભોગી થઈ;
દેશ રાજ તન પ્રેમ, પ્રેમ શૂર તો ગયું;
દૃઢતા ધીરજ દાઝ આજ નથી કો રહ્યું. ૧૭

કો સૂરજ કો ચંદ્ર ઉડગણ સદૃશા,
પ્રકાશી પામે અસ્ત, ઇન્દ્ર લોકે વસ્યા;
હવે આગિયા કોઈ કોઈ સ્થળમાં થતા,
હાય આર્ય! તુજ હાલ, પ્રભુ, ક્યમ અવકૃપા?૧૮

વળી વણિકો જેહ ચીન જાવે જતા,
અઢળક દ્રવ્ય કમાઈ, દેશ નિજ લાવતા;

વેપારે મસ્તાન, છાતીવાળા કશા,
દેશ રાજ રખવાળ, રાજ ધનપાળ શા. ૧૯

રાજમંત્રી પદવાન, દેશ હિતવાન તે,
ગયા ભામાશા આજ, પ્રતાપદીવાન જે;
વસ્તુપાળ ને તેજપાળ પણ તેહવા,
શગાળશા જગશેઠ, વિમળશા ક્યાં હવા. ૨૦

જર્મનમાં જઈ વસ્યા, બ્રાહ્મણો હાલ છે,
ક્ષાત્ર કુલ ને વણિક, યુરોપે ન્યાલ છે;
કૃષિકાર જઈ રહ્યા, અમેરિકા વિષે,
લક્ષ્મીબાઈ લલચાઈ, ગયાં પણ ત્યાં દીસે. ૨૧

સંપ, શૂર, વેપાર, પુત્ર સાથે રહ્યા,
દૃઢતા હિંમત ધીર, પુત્રી લઈ ગયા,
અરે આર્ય ! શા હાલ, હવે તારા હશે,
જો ચેતે નહિ ચિત્ત, હજુ બૂરા થશે. ૨૨

બૂરામાં નથી બાકી, આવી હદ છે ખરી,
ચેત ચેત દિલ આર્ય, કહું વિનતી કરી;
કુંભકર્ણની ઊંઘ વિષેથી જાગજો,
આળસ ને અજ્ઞાન તરત સૌ ત્યાગજો. ૨૩

આપું શિક્ષા આજ, ધ્યાન નિજ ધારજો,
ધોખો ન ધરો કોઈ, વિનતિ વિચારજો;
દેશ દુઃખ દિલ દાઝ, થકી દિલ ઠાલવું,
તે શ્રોતા ધરી ધ્યાન, જ્ઞાન શુભ ઝાલવું. ૨૪

---

## સદ્‌બોધસૂચક પ્રાસ્તાવિક કાવ્ય

(દોહરા)

મળતાં અમલ મદાંધને, ઝટ દઈને છકી જાય;
કહો કેમ લઘુ કૂપમાં, સાગર સાત સમાય ? ૧

હલકો જન છલકી જશે, અતિ મલતાં અધિકાર;
ટાટાં કેમ ટકી શકે ? ભીંત ઝીલશે ભાર. ૨

નીચ મિજાજી મૂર્ખથી, ઓપે નહિ અધિકાર;
અંબાડી ગધ્ધા ઉપર, લાયક નો'ય લગાર. ૩

અવળાં પણ સવળાં થશે, ઠોકર વાગ્યે ઠીક;
તપ્યા લોહને ટીપતાં, સુધરી જશે અધિક. ૪

કટ્ટો રિપુ કપૂત છે, જાણે જીવતો પ્રેત;
નિજ જનિતાનો જીવ લે, વીંછી જન્મ્યા વેંત. ૫

બેટા એક જ બાપના, ભિન્ન ભિન્ન તોય સ્વભાવ;
સાગરસુત વિષ ને સુધા, મરણ જીવનનો દાવ. ૬

મહાપુરુષ ગંભીર ગુણી, છલકે નહીં લગાર;
ભર્યો ઘડો છલકે નહીં, અધૂરો છલી જનાર. ૭

નેક નરોની નામના, કોટી કલ્પ ગણાય;
જેમ કથન શ્રી રામનું, રામરાજ્ય વખણાય. ૮

ફરી ફરી મળવો નથી, આ ઉત્તમ અવતાર;
કાળી ચૌદશ ને રવિ, આવે કોઈક વાર. ૯

સર્વ ધર્મની ધારણા, જાણો એક જરૂર;
વિટપ એક ડાળી જુદી, એક મૂળનું નૂર. ૧૦

સૌની વૃત્તિ તર્યા તણી, ડૂબ્યાની નવ હોય;
કરે કમાણી આશ સૌ, ખોવાની નહિ કોય. ૧૧

અતિ જ્ઞાન ઊપજે તદા, પરમાત્મા પરખાય;
પડળ ઊતરે આંખનાં, તદા સર્વ દેખાય. ૧૨

એકમેક સૌ મનુષ્યને, જાણો ગરજ જરૂર;
મહાસાગરની મેઘને, મેઘ વિશ્વનું નૂર. ૧૩

દોલત દેવાની નથી, પ્રભુ વિષે પણ પો'ચ;
હરિભક્ત ભૂખે મરે, ધરી શરીરે શોચ. ૧૪

દેવા સમર્થ દેવ પણ, કૃપા ભક્ત પર કીધ;
માયા મોહ લગાડશે, એમ ગણી નવ દીધ. ૧૫

સદ્‌ગુરુ સંગતથી ટળે, અંતરનું અજ્ઞાન;
વૈદ્ય વિદારે વેદના, આપી ઔષધ પાન. ૧૬

સદ્‌ગુરુ તણા સમાગમે, મનનો મેલ કપાય;
સંયોગ સાબુનો થતાં, પટકૂળ પુનિત થાય. ૧૭

પ્રિય કાવ્ય પંડિતને, દૃષ્ટાંતિકનો દાવ;
જેમ મોદથી મોદકે, બ્રાહ્મણ જનનો ભાવ. ૧૮

બે બોલોથી બાંધિયો, સર્વ શાસ્ત્રનો સાર;
પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર. ૧૯

છત્રીસ રોગ નત્રો હણે, એ તો કથન અસત્ય;
છત્રીસ રોગો નમ્રતા, હણે, વાત એ સત્ય. ૨૦

દિનદિન વૃદ્ધિ પામશે, સદ્‌વિદ્યા વપરાઈ;
જળ નિર્મળ વપરાય તો, નીકર જાય ગંધાઈ. ૨૧

અવળા ઉપયોગે થશે, વિદ્યા પણ દુઃખકાર;
ઘૃત પણ ઝેર બની જશે, ધોતાં બહુ બહુ વાર. ૨૨
ટોકો ત્રણસેં વાર પણ, પડી ટેવ નવ જાય;
શતક વાર સોમલ ધુઓ, પણ અમૃત નવ થાય. ૨૩
માન મળે નિજ દૈવતે, સ્થિતિ પણ સુધરે એમ;
સુજ્ઞ વદે સોનામુખી, મિથ્યાવળને[1] જેમ. ૨૪
વલણ જેહનું જે તરફ, ત્યાં તેનું મન જાય;
રવિ સામું મુખ રાખશે, સૂર્યમુખીનો ન્યાય. ૨૫
અવળા ઉપયોગે અધિક, વિદ્યા કરે વિકાર;
ધોતાં જળમાં બહુ બહુ, ઘી જ્યમ ઝેર થનાર. ૨૬
પંડિત પીડા પામશે, જ્યાં અંધેરી રાજ;
જ્યમ પાવૈના પુરમાં, વેશ્યાને દુઃખ દાઝ. ૨૭
જેના મનને જે ગમ્યું, એને ઉત્તમ એહ;
તે ચશમાં ઉપયોગનાં, બંધ બેસતાં જેહ. ૨૮
વિના રસિકતા કાવ્યનો, સરસ ન લાગે સોર;
સૂનાં લાગે સર્વથા, ધણી વિનાનાં ઢોર. ૨૯
નિજ કુળદીપક વિવડી, કરશે સપૂત સવાઈ;
ગઈ ગાદી ગુજરાતની, વનરાજે લેવાઈ. ૩૦
ચતુરા ચિત્ત ચળાવશે, ભલભલાનું ભાઈ;
દેખી રંભા અપ્સરા, શૃંગી ગયા ચલાઈ. ૩૧
નારી નીચ સ્વભાવની, ઢોંગધામ અઘરૂપ;
ધિક્ક પિંગળા પાપિણી, ઠગ્યો ભરથરી ભૂપ. ૩૨

---

૧. મેંઢીઆવળ

દેશ-ઉદય ઉપયોગનાં, વીર નરોનાં શિર;
પ્રસૂતા પીડા ટાળવા, સોંપે સપૂત શરીર. ૩૩

નિર્મળ નેહ સુમિત્રનો, પરમ પુનિત ખચીત;
લોહ મોહ પામે પૂરો, ચુંબક દેખી ચિત્ત. ૩૪

ભલા મિત્ર રાખે નહીં, સબળ અબળનો ભેદ;
સત્ય સુદામા કૃષ્ણનો, પૂરણ પ્રેમ અભેદ્ય. ૩૫

બેવકૂફને બોધ દો, પણ લાગે નહીં લેશ;
ભેંસ આગળે ભાગવત તણો જેમ ઉપદેશ. ૩૬

જેહ કામ જેનું હશે, તેહ તે જ કરનાર;
નખ ઉતારે નેરણી, કતલ કરે તલવાર. ૩૭

બુદ્ધિહીન બહુ બહુ બકે, થાય કાંઈ નવ છેક;
હજાર ગજ હેતે ભરે, કાપે તસુ ન એક. ૩૮

ડોળઘાલુનો દંભ તે, નફટ નિકટ નભનાર;
અંધા આગળ કાણિયો, પામે પ્રૌઢો કાર. ૩૯

વિદ્યાદંભ નભે નહીં, જ્યાં જ્ઞાની ગુણવાન;
પિત્તળ પાવક આંચથી, તજશે ગર્વ ગુમાન. ૪૦

ગુણ બદલે અવગુણ કરે, શઠનો એવો શોધ;
ભવ ઉપર ભસ્માસુરે, કીધ કંકણ લઈ ક્રોધ. ૪૧

કાવ્યકળા કૌશલ્યથી, કીર્તિ પરમ પમાય;
ચંદકવિની ચાહના, જનથી હજુ ન જાય. ૪૨

વચને વલ્લભતા વધે, વચને વાધે વેર;
જળથી જીવે જગત આ, કદી કરે પણ કેર. ૪૩

જેમ વચનને વાપરો, તેમ તેહ વપરાય;
સમશેરે શત્રુ મરે, માર્યે મિત્ર મરાય. ૪૪

રોષીને રૂડું કહે, બમણો આણે રોષ;
તાતા તેલે જળ પડે, ભડકો થાય સદોષ. ૪૫

વિધિએ વિરચ્યો ઠાઠ આ, ભૂલી ભાન હરેક;
વિષધરને મણિ આપિયો, બુધને દીનતા છેક. ૪૬

મૈત્રી કરવી સહેલ છે, જાળવવી મુશ્કેલ;
અશન રસાયન સરળ પણ, જીરવવું નહિ સે'લ. ૪૭

પાપરહિત પંડિતની ગુરુતા જાય ગવાઈ;
પ્રભા પ્રભાકરની જુઓ, છળવણ રહે છવાઈ. ૪૮

પણ રાખે નિજ નામનું, એ સજ્જન સરસાઈ;
સાચવણું ઘર સાચવે, નામ ધર્મમાં ધાઈ. ૪૯

ગુણ ભૂલી ગુરુજન તણો, અવગુણ કરે ગમાર;
પાળકને પીડા કરે, અહિ અકૃત કરનાર. ૫૦

ગુરુ મહિમા ગોવિંદથી, ઉરમાં ગણો અધિક;
પ્રભુ તો છે પેદાકરણ, તારણ ગુરુ નાવિક. ૫૧

ગુરુનો ગુણ જે ભૂલશે, શ્વાન થકી તે નીચ;
સ્વામીહિતકર શ્વાન પણ, આ તો કપટી કીચ. ૫૨

નીતિ સાથે નમ્રતા, રીતિ સાથે રામ;
પ્રીતિ સાથે પુણ્ય તે, હરેક પૂરે હામ. ૫૩

હિત હિંમતથી સાંપડે, સિત મતિ સદ્ધર્મ;
વિત્ત વિદેશે વિચર્યે, ચિત્ત ચતુર ઘર મર્મ. ૫૪

શાંતિ મળે સદ્ધર્મથી, ભ્રાંતિ ટળે ભલી ભાત;
કાંતિ દીપે કનક સમી, વિમળ વધે મન વાત. ૫૫

કર કરથી શુભ કામને, ધર ધર શ્રી હરિ ધ્યાન;
જતાં વિદેશે જોઈએ, ભાથાં કેરું ભાન. ૫૬

કાયા માયા ક્ષણિક છે, ઇન્દ્રધનુષ્યનો રંગ;
આકાશી કિલ્લા અને, મૃગજળ તણા તરંગ. ૫૭

નાણાથી શાણા, મૂરખ, સૌ નાણાંના તેજ;
સુવસાણાં નાણાં તણાં, નહીં તો પાણા બે જ. ૫૮

ટીકાકાર ટોકે ભલે, સત્યકથી સુખદાઈ;
પણ જો અસત્ય ઊચરે, તો તે આછકલાઈ. ૫૯

ભૂંડા ભૂપતિ આગળે, ભડવા ભેળા થાય;
વેશ્યાવાડે હોંસથી મૂર્ખમતિ જન જાય. ૬૦

દોષ બધા દુર્જન વિષે, ભેળા થઈ ભરાય;
અંગ અઢારે ઊંટનાં, વાંકાં જેમ જણાય. ૬૧

કર્મગતિની કલ્પના, શોક કરે ઉત્સાહ;
પલકવારમાં થઈ પડ્યો, પાસવાન બાદશાહ. ૬૨

હોય સરસ પણ ચીજ તે, યોગ્ય સ્થળે વપરાય;
કેમ કટારી કનકની, પેટ વિષે ઘોંચાય? ૬૩

ફરે જનોની સર્વદા, પ્રીતિ તરફ ન પૂંઠ;
મારવાડ સામું જુએ, મરણ સમય પણ ઊંટ. ૬૪

નિજમાં દૈવત હોય તો, સરસ સુયશ પથરાય;
શક શાલીવાહન તણો, જેમ જગતમાં ગાય. ૬૫

## રાજાઓને

૧. ન્યાય ૨. રાજ્યવ્યય. ૩. નૃપકુટુંબ

ઉત્તમ નૃપતિની દૃષ્ટિમાં પોતાનું કુટુંબ એ એક માત્ર મહાન શ્રીમંતનું ઘર હોવું જોઈએ. એટલે કે ઊંચા પ્રકારનાં સંસારી જે જે સુખો તે ભોગવે તેમાં વૈશ્યબુદ્ધિ અને રાજ્યબુદ્ધિ બન્ને હોવી જોઈએ.

રાજ્ય સંબંધી વ્યયની વ્યવસ્થા એક સમજણું શિશુ પણ જોઈને ઊલસે એવી સરસ હોવી જોઈએ.

રાજ્યમાં અગત્યના નોકરો, યથાયોગ્યતા સહિત રાજ્ય વૈભવ, અને ઉપર દર્શિત કર્યા પ્રમાણે સ્વકુટુંબવ્યય એમ થવું જોઈએ. એ માટે ઉત્તમોત્તમ નિયમ નીચે કહી જઉં છું.

જે કરથી પ્રજાનું કોઈ પણ પ્રકારનું હિત નથી એવો કોઈ કર આપત્તિકાળ વિના સત્રાજવીઓ નાંખતા નથી.

કર નાંખીને ઊપજ વધારવા કરતાં પ્રજાની સંપત્તિમાં વૃદ્ધિ થાય એવાં સાધનો યોજવાં કે જે વડે સ્વાભાવિક રાજ્યમહત્તા અને વૈભવ વધે.

પ્રજાની સંપત્તિમાં વૃદ્ધિ કરવાની યોજના સિવાય જે કર નાંખવામાં આવે છે તે રાજ્યનીતિજ્ઞ નૃપતિઓનું કર્તવ્ય નથી. કારણ, એ મૂડી ખાવા બરાબર છે. જે પ્રમાણમાં ખાણ આપીએ તે પ્રમાણમાં દૂધ લઈએ.

પ્રજા પર જેમ બને તેમ નવા કરની ઉત્પત્તિ કરવી ઉચિત નથી. પરંતુ કદાપિ કરવી પડે તો કર નાંખતાં તે

સંબંધી રાજ્યને જે વ્યય થવાનો હોય તેના પ્રમાણમાં જ કિંવા તેથી સવાઈ દોઢી ઊપજ થાય તેટલો કર નાંખવો.

રાજ્યની ઉચિત વ્યવસ્થાની યોજનાથી જે વ્યય થતો હોય તેથી રાજ્યનું ઉત્પાદક આવક સમગ્ર બમણાની વિશેષ થવું ન જોઈએ.

હું ધારું છું કે તેનો નીચે પ્રમાણે ઉપયોગ કરવાની રાજવીઓએ રચના કરવી જોઈએ.

એક ભાગ રાજ્યસેવકોની માસિકામાં-રાજ્યવૈભવમાં;

એક રાજ્ય કુટુંબ વ્યયમાં-અને

અર્ધા ભાગ રાજ્યની પ્રજાની આબાદી વધારવાનાં સાધનમાં, બાકી રહેલો અર્ધો ભાગ ભંડાર ખાતે.

રાજ્યકુટુંબના વ્યયમાં રાજાએ વ્યાપારી થવું પરન્તુ કર નાંખવામાં વ્યાપારી થવું નહીં. રાજ્યલક્ષ્મી અનર્થે જતી રોકવામાં વ્યાપારી થવું.

કોઈ પણ પ્રકારનું પ્રજાના ક્લેશનું મૂળ, દીન થવાનું મૂળ જે કરથી થાય તે કર રાજાએ ન નાંખવો.

પોતે જે કરથી પ્રજાનું હિત સમજાય તે કર નાંખવો એમ આ સ્થળે આશય નથી. પરંતુ પ્રજામાં ગણાતા વિચક્ષણ પુરુષોને સંમતિ રૂપે અપક્ષપાતે રોશન કરવા કહેવુ. પછી યથાયોગ્ય વિચાર કરવો.

| | |
|---|---|
| ૧. નૃપતિના આત્મધર્મ— | નિત્ય સ્મરણ. |
| ૨. રાજકુટુંબ | (બે ભેદ) |
| ૩. રાજ્યયોગ્ય | (આગળ આવી તેવી) |

૪. રાજ્યવ્યયની વ્યવસ્થા (આગળ આવી તેવી)
૫. રાજ્યના અનુચરો (—)
૬. રાજ્યવૈભવ (હર્ષમોદના)
૭. પ્રજાસંમત પુરુષો (મંડળ)
૮. પ્રજાસંપત્તિની વૃદ્ધિ (કળાકૌશલ્ય)
૯. ન્યાયવ્યવસ્થા
૧૦. સ્વાચરણનિયમ.

## સ્વાચરણ નિયમ

તે ઉત્તમ નૃપતિઓ, આગળ વિવેચન કરેલા સ્વાત્મધર્મ સમજી ધર્મ નીતિનાં આચરણને સેવે છે.

આ કાળમાં ટૂંકી જિંદગી નૃપતિઓની થઈ તેનું કારણ માત્ર ખરા વીર્યની ખામી. તેના કારણોમાં દુરાચાર, રાજાના ઉદાર અને બહોળા મનનું ઘટવું.

એક દિવસના, રાજાએ નીચે પ્રમાણે ભાગ પાડવા જોઈએ :

૨ પહોર નિદ્રા.
૨ પહોર રાજ્યતંત્ર.
૧ પહોર વિદ્યાયોજન.
૧ પહોર આહાર, વિહાર.
૧ પહોર ગંભીર વિનોદ.
૧ પહોર ધર્મધ્યાન પ્રશસ્તતા.